dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 271 | AD - 2026, Jeth Vad -07 | Tuesday, Dt. 07-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## જમ્મુ-કાશ્મીરમાં ભુસ્ખલનની સ્થિતિ સર્જાતા અનેક વાહનો કાટમાળ નીચે ફસાયા

# મુંબઈ સહિત અનેક રાજ્યોમાં વરસાદનો કહેર, ટ્રેનો અને વિમાન સેવા પ્રભાવિત

મુંબઈ,તા.૦૬

દેશના ઘણા રાજ્યોમાં ચોમાસાએ જોર પકડતા ભારે વરસાદના કારણે જનજીવન પર મોટી અસર જોવા મળી રહી છે. મહારાષ્ટ્રમાં સતત વરસી રહેલા વરસાદને કારણે મુંબઈ પુણે રેલ માર્ગના કરજત લોનાવલા ભોર ઘાટ વિસ્તારમાં બે સ્થળે ભૂસ્ખલન થતા ત્રણેય રેલ લાઈન પ્રભાવિત થઈ ગઈ હતી અને અનેક ટ્રેનો રદ કરવામાં આવી હતી. ભારે વરસાદના કારણે મુંબઈ પુણે દ્રુત માર્ગ પણ થોડા સમય માટે બંધ કરવો પડ્યો હતો. સતારા જિલ્લાના મહાબળેશ્વરમાં વેન્ના નદી ઉપર આવેલ પુલ તુટી જતા કેટલાક પ્રવાસીઓ ફસાઈ ગયા હતા જેમને બહાર કાઢવાની કામગીરી હાથ ધરાઈ હતી. મુંબઈમાં ભારે વરસાદને ધ્યાનમાં રાખી તમામ સરકારી, ખાનગી અને મહાનગરપાલિકાની શાળાઓ તેમજ કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી હતી. અનેક ઉડાન પણ રદ થતા મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા. લોકોને ઘર બહાર ન નીકળવાની



સલાહ આપવામાં આવી છે. મધ્યપ્રદેશમાં ભારે વરસાદ બાદ નદીઓમાં પાણીનો પ્રવાહ વધી ગયો હતો અને વીજળી પડતા એક મહિલાનું મોત થયું હતું જ્યારે બે બાળકીઓ નદીમાં ડૂબી જતા જીવ ગુમાવ્યો હતો.

ઉત્તર પ્રદેશ અને છત્તીસગઢમાં પણ સતત વરસાદને કારણે દુર્ઘટનાઓ બની હતી. જમ્મુ કાશ્મીરના કિશ્તવારમાં ભૂસ્ખલનથી અનેક વાહનો કાટમાળ નીચે દટાઈ ગયા હતા અને બચાવ કામગીરી ચાલુ છે. મુંબઈ તરફ જતી અને ત્યાંથી આવતી ગુજરાત તથા દિલ્હી તરફની કેટલીક ટ્રેનોને પણ અસર પહોંચી હતી. કુલ્લુમાં ભારે વરસાદ બાદ હાઈવે બંધ કરવો પડ્યો હતો. વસઈ વિરાર વિસ્તારમાં પાણી ભરાતા લોકોની અવરજવર મુશ્કેલ બની હતી. મુંબઈમાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન સૌથી વધુ વરસાદ વિક્રોલી વિસ્તારમાં નોંધાયો હોવાનું તંત્રએ જણાવ્યુ છે.

### મુંબઈમાં અત્યાર સુધીમાં વરસાદથી ૧૩ લોકોના મોત

મહારાષ્ટ્રના મંત્રી ગિરીશ મહાજને જણાવ્યું હતું કે છેલ્લા 3-૪ દિવસ મુંબઈ, પાલઘર અને રાયગઢમાં રેકોર્ડ વરસાદ નોંધાયો છે. ભારે વરસાદને લગતી ઘટનાઓમાં અત્યાર સુધીમાં ૧૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. સરકાર અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરીમાં વ્યસ્ત છે.

### મુંબઈ એરપોર્ટ પરથી ૧૭ ફ્લાઈટને રદ કરવામાં આવી

મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પણ વરસાદની અસર જોવા મળી હતી. રવિવારની મધ્યરાત્રિથી સોમવારે સવારે ૧૧:30 વાગ્યાની વચ્ચે ૧૭ ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી. આ દરમિયાન, આગમન અને પ્રસ્થાન કરનારી ૨૧૭ ફ્લાઈટ્સમાં વિલંબ થયો હતો, જેના કારણે મુસાફરોએ એરપોર્ટ પર રાહ જોવી પડી હતી.

# ઈન્ડોનેશિયા પ્રવાસે પહોંચ્યા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મહત્વના કરારો પર રહેશે નજર

નવી દિલ્હી,તા.૦૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે ઈન્ડોનેશિયાના પ્રવાસે રવાના થયા છે. આ પ્રવાસ દરમિયાન તેઓ ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો સાથે મહત્વપૂર્ણ બેઠક કરશે. બંને દેશોના સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે અનેક મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થવાની છે. આ મુલાકાત દરમિયાન આશરે ૨,૫૦૦ કરોડ રૂપિયાના બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલ સોદા પર અંતિમ મહોર લાગવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.



આ ઉપરાંત સંરક્ષણ સહયોગ, દરિયાઈ સુરક્ષા, વેપાર, રોકાણ, ડિજિટલ ક્ષેત્ર અને હિંદ મહાસાગર વિસ્તારમાં સહભાગિતા જેવા અનેક વિષયો પર ચર્ચા થશે. બંને દેશો વચ્ચે અનેક દ્વિપક્ષીય કરારો પર હસ્તાક્ષર પણ થઈ શકે છે.

પ્રવાસ દરમિયાન વડાપ્રધાન પ્રમ્બાનન મંદિરની મુલાકાત પણ લેશે. આ મંદિર ઈન્ડોનેશિયાનું સૌથી મોટું હિન્દુ મંદિર સંકુલ માનવામાં આવે છે અને તેનું ધાર્મિક તેમજ ઐતિહાસિક મહત્વ ઘણું વિશેષ છે. ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચે છેલ્લા કેટલાક વર્ષોથી સંરક્ષણ, વેપાર, દરિયાઈ સુરક્ષા અને સંપર્ક વ્યવસ્થામાં સતત સહયોગ વધતો રહ્યો છે. આ મુલાકાતથી બંને દેશોની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગતિ મળશે તેવી અપેક્ષા છે.નરેન્દ્ર મોદી આ પહેલા બે વખત ઈન્ડોનેશિયાની મુલાકાત લઈ ચૂક્યા છે. વર્ષ ૨૦૧૮માં થયેલા પ્રવાસ દરમિયાન બંને દેશોએ સંબંધોને વધુ મજબૂત બનાવવાનો નિર્ણય કર્યો હતો અને સંરક્ષણ, આતંકવાદ સામે સહયોગ, વેપાર, વિજ્ઞાન, ટેકનોલોજી, સંપર્ક વ્યવસ્થા સહિત અનેક ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ સહમતિ બની હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૩માં તેઓ જકાર્તામાં યોજાયેલી પ્રાદેશિક શિખર બેઠકમાં ભાગ લેવા ઈન્ડોનેશિયા પહોંચ્યા હતા. હાલનો પ્રવાસ બંને દેશોના સંબંધોને વધુ મજબૂત બનાવવામાં મહત્વનો માનવામાં આવી રહ્યો છે.

# હાફીઝસઈદ જ પહેલગામ હુમલાનો મુખ્ય સુત્રધાર, એનઆઈએ ચાર્જશીટ ફાઈલ કર્યુ

નવી દિલ્હી,તા.૦૬

પહેલગામ આતંકી હુમલા મામલે રાષ્ટ્રીય તપાસ એજન્સીએ પાકિસ્તાનમાં રહેલા આતંકી હાફિઝ સઈદ સામે વિશેષ અદાલતમાં પૂરક આરોપપત્ર દાખલ કર્યું છે. તપાસ એજન્સીએ તેને હુમલાનું કાવતરું ઘડવા, આતંકવાદીઓનું સંચાલન કરવા અને ભારત વિરુધ્ધ યુધ્ધ છેડવાના ગંભીર આરોપો હેઠળ આરોપી બનાવ્યો છે. તપાસમાં સામે આવેલી વિગતોના આધારે હાફિઝ સઈદને આ સમગ્ર આતંકી ષડયંત્રનો મુખ્ય સૂત્રધાર



ગણાવવામાં આવ્યો છે.તપાસ એજન્સીના જણાવ્યા મુજબ હાફિઝ સઈદ પ્રતિબંધિત આતંકી સંગઠન લશ્કર-એ-તૈયબા તેમજ તેના પ્રોક્સી સંગઠનના વડા તરીકે કાર્યરત છે. તેની સામે ગેરકાયદે પ્રવૃત્તિઓ અટકાયત કાયદાની વિવિધ જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. તપાસ દરમિયાન મળેલા પુરાવા અને અન્ય માહિતીના આધારે પૂરક આરોપપત્રમાં તેની ભૂમિકા વધુ સ્પષ્ટ કરવામાં આવી છે. આ પૂરક આરોપપત્ર અગાઉ દાખલ કરાયેલા ૧,૫૯૭ પાનાના મૂળ આરોપપત્રનો જ એક મહત્વપૂર્ણ ભાગ છે. તપાસ આગળ વધતા નવા પુરાવા અને માહિતીના આધારે તેમાં વધુ વિગતો ઉમેરવામાં આવી છે. તપાસ એજન્સીનું કહેવું છે કે હુમલાના આયોજનથી લઈને આતંકી નેટવર્કના સંચાલન સુધી હાફિઝ સઈદની સીધી સંડોવણી સામે આવી છે.આ કેસમાં અગાઉ ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ પ્રથમ આરોપપત્ર દાખલ કરવામાં આવ્યું હતું. તેમાં પાકિસ્તાનના આતંકી સંચાલક સાજિદ જટ સહિત કુલ છ આતંકવાદીઓને આરોપી બનાવવામાં આવ્યા હતા. તપાસ એજન્સી હજુ પણ સમગ્ર ષડયંત્રના અન્ય પાસાઓની તપાસ આગળ વધારી રહી છે અને નવા પુરાવા મળતા વધુ કાર્યવાહી કરવામાં આવશે.

## ડો. મુખર્જીનું યોગદાન શિક્ષણ, ઉધોગ, સમાજસેવા અને રાષ્ટ્રીય એકતાના ક્ષેત્રોમાં અવિસ્મરણીય : મોદી

# શ્યામા પ્રસાદ મુખર્જીની ૧૨૫મી જન્મજયંતિએ પીએમ મોદી-અમિત શાહની શ્રધ્ધાંજલિ

નવીદિલ્હી,તા.૬

ભારતીય જનસંઘના સ્થાપક અને રાષ્ટ્રવાદી વિચારક ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. વડાપ્રધાને જણાવ્યું કે ડૉ. મુખર્જીનું યોગદાન શિક્ષણ, ઉદ્યોગ, સમાજસેવા અને રાષ્ટ્રીય એકતાના ક્ષેત્રોમાં અવિસ્મરણીય રહ્યું છે. તેઓ



તેજસ્વી શિક્ષણશાસ્ત્રી અને દૂરંદેશી નેતા હતા, જેમણે સમયાનુકૂળ શિક્ષણ અને ઔદ્યોગિક આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપ્યું હતું. પીએમ મોદીએ કહ્યું કે બંગાળના દુષ્કાળ દરમિયાન તેમના માનવતાવાદી કાર્ય અને ભારતની એકતા તથા અખંડિતતા પ્રત્યેની તેમની અડગ પ્રતિબધ્ધતા હંમેશા પ્રેરણારૂપ રહેશે. તેમણે ઉમેર્યું કે વર્ષ ૨૦૧૯માં કલમ ૩૭૦ અને ૩૫(એ) દૂર કરવાનો નિર્ણય ડૉ. મુખર્જીના સંકલ્પને સાચી શ્રધ્ધાંજલિ સમાન છે.


કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પર લખ્યું કે ડૉ. મુખર્જીએ 'રાષ્ટ્ર પ્રથમ'ના આદર્શને જીવનનું ધ્યેય બનાવ્યું હતું. બંગાળના ભાગલા દરમિયાન તેમનું નેતૃત્વ અને જમ્મુ-કાશ્મીરને ભારતનો અભિન્ન ભાગ જાળવવા માટેનો તેમનો સંઘર્ષ ઐતિહાસિક રહ્યો છે.

વિડિયો સંદેશમાં અમિત શાહે જણાવ્યું કે ડૉ. મુખર્જીએ ક્યારેય વ્યક્તિગત ખ્યાતિ માટે કાર્ય કર્યું નહીં, પરંતુ દેશહિતને સર્વોપરી રાખ્યું. તેમણે કહ્યું કે આજે કલમ ૩૭૦ હટાવવાથી ડૉ. મુખર્જીનું સ્વપ્ન સાકાર થયું છે અને તેમની વિચારધારા દેશના વિકાસ માટે સતત પ્રેરણાસ્ત્રોત બની રહી છે.

# અમરનાથમાં બાબા બરફાનીનું હિમલિંગ ઘટીને એક ફૂટ જેટલું રહ્યું

શ્રીનગર,તા.૦૬

અમરનાથ ગુફામાં બનતું પવિત્ર હિમલિંગ હવે ઘટીને અંદાજે એક ફૂટ જેટલું રહી ગયું છે. સોમવારે સામે આવેલી નવી તસવીરમાં બાબા બરફાનીનું હિમલિંગ અગાઉની સરખામણીએ ઘણું નાનું જોવા મળ્યું છે. ૨૩ મેના રોજ જાહેર થયેલી તસવીરમાં હિમલિંગ લગભગ સાત ફૂટ ઊંચું હતું જ્યારે ૨૯ જૂને પ્રથમ પૂજાના દિવસે



તેની ઊંચાઈ પાંચ ફૂટથી વધુ હતી. હવે સતત બદલાતા હવામાનના કારણે હિમલિંગનો મોટો ભાગ ઓગળી ગયો છે. ૩ જુલાઈથી શરૂ થયેલી ૫૭ દિવસની યાત્રામાં છેલ્લા ત્રણ દિવસમાં ૫૬ હજારથી વધુ શ્રધ્ધાળુઓએ દર્શન કર્યા છે. આ સંખ્યા ગયા વર્ષ કરતા વધુ રહી છે. આ વર્ષે ચાર લાખથી વધુ લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. યાત્રા પહેલગામ અને બાલતાલ બંને માર્ગેથી ચાલુ છે અને ૨૮ ઓગસ્ટના રોજ રક્ષાબંધનના દિવસે પૂર્ણ થશે.





# ગર્ભમાં બાળક રાખવુ કે નહી તે પત્ની નક્કી કરી શકે : ઈન્દોર હાઈકોર્ટ

ઈન્દોર,તા.૦૬

મધ્ય પ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર ખંડપીઠે મહિલાઓના પ્રજનન અધિકારોને લઈને મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે કાયદા હેઠળ નિર્ધારિત




સમયમર્યાદામાં ગર્ભાવસ્થા હોય તો ગર્ભ રાખવો કે નહીં તે નિર્ણય લેવાનો સંપૂર્ણ અધિકાર મહિલાનો છે. આ માટે પતિની સહમતિ જરૂરી નથી. કોર્ટે જણાવ્યું કે મહિલાની શારીરિક સ્વતંત્રતા અને પ્રજનન સંબંધિત પસંદગીનું સન્માન થવું જોઈએ. આ કેસમાં ૧૩ અઠવાડિયાની ગર્ભવતી પરિણીત મહિલાને મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી (MTP) એક્ટ હેઠળ ગર્ભપાત કરાવવાની મંજૂરી આપવામાં આવી છે



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૦૭-૦૭-૨૦૨૬

# ભારે વરસાદથી અમરેલી જિલ્લાના અનેક માર્ગો ધોવાયા, એસ.ટી. બસ રૂટમાં ફેરફારથી મુસાફરો પરેશાન

**અમરેલી-સાવરકુંડલા સહિત અનેક રસ્તા બંધ, વૈકલ્પિક માર્ગો પરથી બસ સેવા શરૂ**

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લામાં રવિવારે પડેલા ભારે વરસાદના કારણે અનેક મુખ્ય માર્ગો ધોવાઈ ગયા છે. જેના કારણે વાહનવ્યવહારને ભારે અસર પહોંચી છે અને મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અમરેલી-સાવરકુંડલા માર્ગ બંધ થઈ જતા એસ.ટી. બસોને વાયા ચલાલા થઈને દોડાવવાની ફરજ પડી રહી છે. અમરેલી ડેપોના મેનેજર દવેના જણાવ્યા મુજબ માર્ગને નુકસાન પહોંચતા આ રૂટ પર સીધી બસ સેવા હાલ બંધ રાખવામાં આવી છે. બીજી તરફ સાવરકુંડલા-રાજુલા માર્ગ પર વાયા આંબરડી રોડ પાસે આવેલું ડાયવર્ઝન ધોવાઈ જતા આ માર્ગ પણ વાહનવ્યવહાર માટે બંધ કરાયો છે. જેના કારણે એસ.ટી. બસો હવે વાયા વીજપડી થઈને ચલાવવામાં આવી રહી છે. ઉપરાંત ખાંભાથી ડેડાણ જતો માર્ગ પણ ધોવાઈ જતાં આ રૂટ પર બસ સેવા બંધ છે. જેના કારણે સ્થાનિક લોકો અને મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અસરગ્રસ્ત માર્ગોનું તાત્કાલિક સમારકામ કરવામાં આવે તેવી લોકો તંત્ર સમક્ષ માંગ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં ભારે વરસાદને કારણે ૮૮ ગામડાઓમાં વીજળી ગૂલ

**કર્મચારીઓએ દિન-રાત કામગીરી કરી ૫૮ ગામડાઓમાં વીજ પુરવઠો પુનઃ શરૂ કરાયો**

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લામાં રવિવારના પડેલા ભારે વરસાદને કારણે અનેક ગામોમાં વીજ પુરવઠો ગૂલ થઈ જતા ગ્રામજનો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. જો કે વીજ કર્મચારીઓએ દિન-રાત કામગીરી કરી ૨૪ કલાકમાં ૫૮ જેટલા ગામડાઓમાં વીજ પુરવઠો પુનઃ શરૂ કરવામાં આવ્યો હતો. વીજ અધિકારી વનરાના જણાવ્યા મુજબ અમરેલી જિલ્લામાં ભારે વરસાદને કારણે જાફરાબાદ, રાજુલા, ખાંભા, ચલાલા,ધારી, લાઠીના ૮૮ જેટલા ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો



ખોરવાઈ ગયો હતો તેમજ ૨૪૦ વીજ પોલ પડી ગયા હતા અને ૧૩ વીજ ટ્રાન્સફોર્મર બળી ગયા હતા. લોકોને હાલાકી ન પડે તે માટે વીજ અધિકારીઓ અને કર્મચારીઓની ટીમ દ્વારા દિન-રાત કામગીરી કરી ૨૪ કલાકમાં ૫૮ જેટલા ગામડાઓમાં વીજ પુરવઠો પુનઃ શરૂ કરવામાં આવ્યો છે. વીજ તંત્રની ત્વરિત કામગીરીને ગ્રામજનોએ વખાણી હતી.

# લીલીયા તાલુકામાં નુકસાનીનું સર્વે કરી સહાય ચૂકવવા રજૂઆત

લીલીયા,તા.૦૬

લીલીયા તાલુકામાં તેમજ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદ અને શેત્રુંજી નદીના પાણીના કારણે નદી કાંઠાના ખેતરોમાં વ્યાપક નુકસાન થયું છે. આ અંગે જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને પત્ર પાઠવીને રજૂઆત કરી છે. ૫ જુલાઈ ૨૦૨૬ના રોજ ધારી અને ચલાલા જેવા ઉપરવાસના વિસ્તારોનું બધું પાણી લીલીયાના આંબા, ભેંસવડી, લોકા, લોકી, શેઢાવદર, ક્રાંકચ, બવાડી અને ઈંગોરાળા જેવા ગામોના ખેતરોમાં ફરી વળ્યું હતું. કુંભારીયા, ભંભળી, શેલ અને ખારી નદીઓના પાણી શેત્રુંજી નદીમાં ભળતા ખેડૂતોના પાક અને જમીનો ધોવાઈ ગયા છે. જેથી આ અસરગ્રસ્ત ગામોમાં તાત્કાલિક સર્વે કરી ખેડૂતોને યોગ્ય સરકારી સહાય ચૂકવવાની માંગ પત્ર દ્વારા કરવામાં આવી છે.

# સાવરકુંડલાના ઘોબા ગામે અસરગ્રસ્ત વિસ્તારની જનપ્રતિનિધીઓએ મુલાકાત લીધી

અમરેલી,તા.૦૬

ઘોબા ગામમાં અતિવૃષ્ટિના કારણે પૂર જેવી સ્થિતિ સર્જાતા જનજીવન પ્રભાવિત બન્યુ છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના સભ્યોએ અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી હતી અને સ્થળ પર જઈ સ્થિતિની માહિતી મેળવી હતી. ગ્રામજનો



સાથે વાતચીત કરી તેમની મુશ્કેલીઓ સાંભળી હતી તેમજ સંબંધિત અધિકારીઓને રાહત કામગીરી ઝડપથી શરૂ કરવા અને જરૂરી મદદ પહોંચાડવા સૂચના આપી હતી. મુલાકાત દરમિયાન જિલ્લા પંચાયત સભ્ય પ્રકાશભાઈ પાનસુરિયા, તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ મુકેશભાઈ મહિડા, તાલુકા પંચાયત સભ્ય મુકેશભાઈ આદરોજા, ભાજપ અગ્રણી ભાવેશભાઈ ખૂંટ, સરપંચ પ્રતાપભાઈ, પાચાભાઈ મોરી, તલાટી મંત્રી અને મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

# જાફરાબાદના ચિત્રાસર ગામમાં બે સિંહ ત્રાટક્યા, બે ગાયોનું મારણ કરતા ફફડાટ

જાફરાબાદ, તા.૦૬

જાફરાબાદ તાલુકાના ચિત્રાસર ગામમાં મોડી રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યે બે સિંહ રહેણાંક વિસ્તાર નજીક આવી ચડતા લોકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો.

મેઘલી રાત્રિના સમયે ગામમાં ઘૂસી આવેલા સિંહોએ માલિકીની બે ગાયો પર હુમલો કરી તેમનું મારણ કર્યું હતું. અચાનક બનેલી આ ઘટનાથી ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો હતો અને લોકો ઘરની બહાર નીકળતા પણ ડરી ગયા હતા.

ઘટનાની જાણ થતાં વન વિભાગને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. વન વિભાગની ટીમે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી અને ગ્રામજનોને સાવચેત રહેવાની અપીલ કરી હતી.

# ધારીના મન મંદિર શૈક્ષણિક સંકુલમાં રંગબેરંગી વેશભૂષા સ્પર્ધા યોજાઈ

ધારી,તા.૦૬

અધારી ખાતે આવેલા મન મંદિર શૈક્ષણિક સંકુલમાં વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં બાલમંદિરથી લઈને ધોરણ ૧૦ સુધીના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પૌરાણિક, સામાજિક, સાંસ્કૃતિક અને પર્યાવરણલક્ષી વિષયો પર આધારિત વિવિધ પાત્રોની વેશભૂષા ધારણ કરી સૌનું ધ્યાન આકર્ષ્યું હતું. ભગવાન રામ, લક્ષ્મણ, સીતાજી, પાર્વતીજી, ભગવાન




શિવ, ગોવાળ, ભરવાડ, શિક્ષક, ખેડૂત અને પરી ઉપરાંત કેરી, અનાનસ, સફરજન, સેવ વોટર, ટ્રાફિક લાઈટ, સિંહ, વાઘ, ડોરેમોન અને હાથી જેવા પાત્રો પણ રજૂ કરવામાં આવ્યા હતા. સ્પર્ધા દરમિયાન વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસ, અભિનય અને સર્જનાત્મકતાને ઉપસ્થિતોએ બિરદાવી હતી.

# બાબરાના ઘુઘરાળામાં સામાન્ય વરસાદમાં જ રસ્તા પર કાદવથી ગ્રામજનોમાં રોષ

બાબરા,તા.૦૬

બાબરા તાલુકાના ઘુઘરાળા ગામમાં સામાન્ય વરસાદ પડતાં જ મુખ્ય માર્ગો અને વિવિધ શેરીઓમાં કાદવનું સામ્રાજ્ય સર્જાતા ગ્રામજનો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. રસ્તાઓની દયનીય હાલતને કારણે પગપાળા ચાલવું મુશ્કેલ બન્યું છે, જ્યારે દ્વિચક્રી વાહનો સ્લીપ થવાના બનાવોમાં પણ વધારો થયો હોવાનું ગ્રામજનોએ જણાવ્યું છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ વર્ષોથી ગામમાં બ્લોક પેવિંગ તથા સિમેન્ટ રોડ બનાવવાની માંગ કરવામાં આવી રહી છે. સ્થાનિક ગ્રામ પંચાયતથી લઈને તાલુકા, જિલ્લા તેમજ સાંસદ સુધી અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં આજદિન સુધી કોઈ અસરકારક થઈ નથી. આ સમસ્યાથી કંટાળેલા ગ્રામજનોએ હવે મુખ્યમંત્રીને પત્ર લખીને તાત્કાલિક




હસ્તક્ષેપ કરવાની માંગ કરી છે. વરસાદી પાણી ભરાવાથી કાદવ-કીચડના કારણે ખાસ કરીને વૃધ્ધો, મહિલાઓ અને શાળાએ જતા વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ગ્રામજનોએ તાત્કાલિક ધોરણે રસ્તાના માટી અને મેટલ ભરી સમારકામ કરાવવાની તેમજ લાંબા ગાળાના ઉકેલરૂપે ગામની તમામ મુખ્ય ગલીઓમાં સિમેન્ટ અથવા બ્લોક રોડનું કામ વહેલી તકે હાથ ધરવાની પ્રબળ માંગ કરી છે.




# ટીંબી ગામમાં રૂપેણ નદીના પુરથી ઘરો અને દુકાનોમાં ઘૂસ્યા પાણી

જાફરાબાદ,તા.૦૬

જાફરાબાદ તાલુકાના ટીંબી ગામમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અંદાજે આઠ ઈંચ જેટલો ભારે વરસાદ વરસતા રૂપેણ નદીમાં ભારે પુર આવ્યું હતું. નદીનું પાણી ગામના અનેક ઘરો અને દુકાનોમાં ઘુસી જતા લોકોની ઘરવખરી તેમજ વેપારીઓના માલસામાનને નુકશાન થયુ હતુ. ગઈકાલ બપોરથી શરૂ થયેલા વરસાદ



બાદ સવારે નદીમાં પુર આવ્યો હતો અને બપોર પછી ફરી પાણીનો પ્રવાહ વધી જતા સ્થિતિ વધુ ગંભીર બની હતી. ગામને જોડતા બે પુલ ઉપરથી પાણી પસાર થતા વાહન વ્યવહાર બંધ જેવો બન્યો હતો. માત્ર હાઈવેના પુલ પરથી અવર જવર ચાલુ રહી હતી. ગામમાં ત્રણ જગ્યાએ વીજ પોલ પડી જતા વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો અને ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો.

## અવસાન નોંધ

**અમરેલી**

નયનાબેન વિનોદરાય ઠાકર (ઉ.વ.૭૦) તે વિનોદરાય બી.ઠાકરના પત્નિ, યોગેશભાઈ ઠાકર, આશાબેન પાઠક, જ્યોતિબેન ભટ્ટ, સ્મિતાબેન ત્રિવેદીના માતા તથા રમેશભાઈ ઠાકરના ભાભી તેમજ પ્રદિપભાઈ ઠાકર, દર્શનભાઈ ઠાકરના કાકીનું તા. ૬ ને સોમવારે અવસાન થયેલ છે. બેસણું તા. ૯ ને ગુરૂવારે કેરીયા રોડ ક્રિષ્ના કેટરર્સના હોલમાં બપોરે ૩ થી ૬ અમરેલી ખાતે રાખેલ છે.

સંકુલ PTC કોલેજ
ગુજરાતી મિડીયમ પ્રવેશ
સંકુલ PTC કોલેજ
ઈંગ્લીશ મિડીયમ પ્રવેશ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી - Ad 118

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail:carcarerushi@rediffmail.com

## ધારીના મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટમાં

જ.મ. અપીલ રજી નં. ૧૬૧/૨૦૨૬ તા.૦૫/૦૬/૨૦૨૬

અરજદાર :- શ્રી નંદલાલભાઈ ભોલાભાઈ સોરઠીયા
રહે.મોજે.કોલડા તા.કુંકાવાવ, જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ -મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
રહે.નવા ચરખા, તા.ધારી, જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**


આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, નવા ચરખા ગામ તાલુકા ધારી અરજદારશ્રી નંદલાલભાઈ ભોલાભાઈ સોરઠીયાએ તેઓના પુત્ર જયદીપ નંદલાલભાઈ સોરઠીયાનો જન્મ તા. ૨૪/૦૮/૧૯૯૪નાં રોજ નવા ચરખા ગામે થયેલ હોવાની નોંધ દાખલ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામનાં સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમનાં મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ ફરમાવવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૦૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ,
ધારી

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ા || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે, આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

### ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી અને સેવાના ભેખધારી એવા

# વસંતભાઈ મોવલીયાના જન્મદિનની સેવાકિય કાર્ય સાથે ઉજવણી










અમરેલી,તા.૦૬

ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી અને સેવાભાવી સામાજિક અગ્રણી વસંતભાઈ મોવલીયાના જન્મદિનની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. તા. ૫ જુલાઈ, રવિવારના રોજ તેમણે જન્મદિનની ઉજવણીને માત્ર શુભેચ્છાઓ સુધી સીમિત રાખવાને બદલે સેવાકીય પ્રવૃત્તિઓ સાથે યાદગાર બનાવી સમાજ માટે પ્રેરણારૂપ સંદેશ આપ્યો હતો. સવારે ૯ વાગ્યે લીલીયા રોડ પર આવેલી કામધેનુ બીમાર ગાયોની ગૌશાળામાં પહોંચીને ગાયોને ઘાસચારો અર્પણ કર્યો હતો. ગૌસેવાના આ કાર્યને ઉપસ્થિત લોકોએ પણ બિરદાવ્યું હતું. ત્યારબાદ બપોરે ૧૨ વાગ્યે મહિલા વિકાસ મંડળ ખાતે અન્નસેવાનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં મોટી સંખ્યામાં જરૂરિયાતમંદ લોકોને ભોજન પીરસવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત લોકોએ સેવાના આવા કાર્યને સમાજ માટે પ્રેરણાદાયી ગણાવ્યું હતું. સાંજે ૭:૩૦ વાગ્યે બહેરા-મૂંગા શાળામાં સ્નેહભોજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અને સંચાલકો સાથે આત્મીયતા પૂર્વક સમય વિતાવી સૌને ભોજન કરાવવામાં આવ્યું હતું. વસંતભાઈ મોવલીયાની આ અનોખી જન્મદિન ઉજવણીને સમાજના વિવિધ વર્ગોમાંથી પ્રશંસા મળી હતી. તેમના જન્મદિન નિમિત્તે અનેક રાજકીય, સામાજિક અને વેપારી આગેવાનોએ શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ તેમના સેવાકીય કાર્યોની સરાહના કરી હતી. જન્મદિનને સેવા અને સમાજકલ્યાણ સાથે જોડવાનો તેમનો પ્રયાસ અનેક લોકો માટે પ્રેરણાદાયી બન્યો હતો.

### અન્નસેવા, ગૌસેવા કરી સમાજને પ્રેરણાદાયી સંદેશો પાઠવ્યો

### અસરગ્રસ્ત લોકોને પ્રાથમિક શાળાઓમાં આશ્રય અપાયો

# અમરેલી જિલ્લામાં વરસાદથી તંત્ર દ્વારા સ્થાળાંતરની કામગીરી

અમરેલી, તા. ૦૬

અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન પડેલા અતિભારે વરસાદ બાદ અનેક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાતા વહીવટી તંત્ર દ્વારા રાહત, બચાવ અને સ્થળાંતરની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં પૂરગ્રસ્ત અને નીચાણવાળા વિસ્તારોમાંથી કુલ ૩૮૦ લોકોને સલામત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. રાજુલાના વિક્ટર ગામેથી ૨૫, સાવરકુંડલા પંથકમાંથી ૨૧૫, જાફરાબાદના ધારાબંદર ગામેથી ૪૦ અને ધારીના ચલાલા ગામેથી અંદાજે ૧૦૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. તમામ લોકોને સરકારી પ્રાથમિક શાળાઓમાં આશ્રય



અપાયો છે, જ્યાં રહેવા, ભોજન અને પીવાના પાણી સહિતની જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. હવામાન વિભાગના રેડ એલર્ટને ધ્યાનમાં રાખીને એનડીઆરએફ, ફાયર વિભાગ અને સમગ્ર સરકારી તંત્રને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે.

# લાઠીના કાંચરડી ગામે સ્ટ્રીટ લાઈટના અજવાળે પત્તા ટીચતાં પ ઝડપાયા

લાઠી, તા. ૦૬

લાઠીના કાંચરડી ગામે પ્લોટ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેર જગ્યામાં પૈસા અને પાના વડે તીનપત્તીનો હાર-જીતનો જુગાર રમતા ૫ ઈસમો રોકડા રૂ. ૩,૪૭૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. પકડાયેલા આરોપીઓમાં અશોકભાઈ નાનજીભાઈ રાઠોડ, યુવરાજભાઈ રણછોડભાઈ રાઠોડ, સંજયભાઈ ગંગદાસભાઈ સિંધવ, હિતેશભાઈ ઉર્ફે વિપુલભાઈ રાઘવભાઈ સિંધવ અને અલ્પેશભાઈ રમેશભાઈ ભાટીનો સમાવેશ થાય છે. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી. એ. ચારોલા વધુ તપાસ કરી રહ્યા છે.




અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ

બસ સ્ટેશન રોડ,
અજમેરા સ્કૂલ સામે, અમરેલી.

લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક,
ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બગસરા**

જન્મ-મરણ રજી નં.૧૭/૨૦૨૬ તા.૩૦/૦૬/૨૦૨૬

અરજદારઃ- (૧) શ્રી હર્ષદભાઈ વિપુલકુમાર પંડ્યા
રહે.નીલકંઠ પારેખ શેરી, મુ.તા.જિ.મોરબી
(૨) વિવાદીના વકીલ શ્રી આર.બી.બોરીચા રહે.બગસરા

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- (૧) જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
- વ -
ચીફ ઓફીસરશ્રી નગરપાલિકા કચેરી,
બગસરા, તા.બગસરા, જિ.અમરેલી

**-// નોટીસ //-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી હર્ષદભાઈ વિપુલકુમાર પંડ્યાના મોટા ભાઈશ્રી રુદ્ર વિપુલકુમાર પંડ્યાનું મરણ તા.૦૮/૦૮/૨૦૨૦ અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના બગસરા મુકામે મરણ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાની મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનાવણી મુદત તા.૧૩/૦૭/૨૦૨૬ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
બગસરા

# મસુંદડા ગામેથી ૩ લીટર દેશી દારૂ ઝડપાયો

અમરેલી, તા.૦૬

અમરેલી જિલ્લામાં બે સ્થળોએથી ૪ લીટર દેશી દારૂ ઝડપાયો હતો.

જેમાં મસુંદડા ગામેથી ૩ લીટર તથા શેલણા ગામેથી ૧ લીટર મળી કુલ ૪ લીટર દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત વડ, હેમાળ અને લાઠીમાંથી એક-એક મળી કુલ ૩ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ઝડપાયા હતા.



LAKSHYA
EDUCATION

ધોરણ 10 અને 12 માં
નાપાસ થયેલા વિદ્યાર્થી માટે
એક વધુ તક

NIOS બોર્ડ માં પરીક્ષા આપી
ઉજવળ ભવિષ્ય બનાવો

સરકાર માન્ય બોર્ડ | માન્ય સંસ્થા | NIOS બોર્ડ ના પરીક્ષા કેન્દ્ર

અમરેલી, ગોડલ, રાજકોટ, જૂનાગઢ,
અમદાવાદ, જામનગર, પોરબંદર, વડોદરા



વધુ માહિતી માટે
લક્ષ્ય એજ્યુકેશન
બીજો માળ ટાઉન હોલ
ભીડભંજન મંદિર સામે અમરેલી
લાલજી ચાવડા
7043819956


**ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ**

અમો નીચે સહી કરનાર એડવોકેટ દિવ્યેશ કે. રાદડીયા, રહે. બાબરા, અમારા અસીલ જમીન વેચનાર (૧) બફલીપરા પરશોતમભાઈ નાગજીભાઈ, (૨) ભાવનાબેન પરશોતમભાઈ બફલીપરા (૩) નિકુંજકુમાર પરશોતમભાઈ બફલીપરા રહે. અમરેલી, ઠે.ગોકુલધામ પ્લોટ નં. ૯, હનુમાનપરા રોડ, જલારામની સામે, અમરેલી. (૪) નિરાલીબેન પરશોતમભાઈ બફલીપરા તે આશિષભાઈ ભાલાણીના પત્ની, રહે. રાજકોટ, ઠે. અહંમ, દ્વારકેશ પાર્ક-૧, આલાપ ગ્રીન સીટીની પાછળ, રૈયા રોડ, રાજકોટ વાળાની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે દેવળીયા મોટા ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ (૧) બફલીપરા પરશોતમભાઈ નાગજીભાઈ, (૨) ભાવનાબેન પરશોતમભાઈ બફલીપરા (૩) નિરાલીબેન પરશોતમભાઈ બફલીપરા (૪) નિકુંજકુમાર પરશોતમભાઈ બફલીપરા વેચાણ દસ્તાવેજથી ભાલાળા અશ્વિનભાઈ સવજીભાઈ, રહે. ગોપીનાથ મહાદેવ મંદિર પાસે, મોવિયા, તા.ગોંડલ, જી. રાજકોટ વાળાને વેચાણ કરવા માંગે છે.

જમીનની વિગતઃ-

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નંબર | હે.આરે.ચો.મી |
|---|---|---|---|---|
| ૧ | બફલીપરા પરશોતમભાઈ નાગજીભાઈ | ૩૭૩ | ૫૪૭/૧અ પૈકી ૩૬ | ૦-૮૦-૯૪ |
| ૨ | ભાવનાબેન પરશોતમભાઈ બફલીપરા | | | |
| ૩ | નિરાલીબેન પરશોતમભાઈ બફલીપરા | | | |
| ૪ | નિકુંજકુમાર પરશોતમભાઈ બફલીપરા | | | |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની ખેડવાણ જમીન સંબંધે તેના વેચાણ સંબંધે કે તેના કબજા સંબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ હકક-હિસ્સો, બક્ષિસ, અગ્રહકક,વારસાઈ હકક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંક કે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોયતો અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે દિવસ ૭ (સાત) માં જાણ કરવી. જો સમય મર્યાદામા કોઈના વાંધા-તકરાર કે દરદાવો નથી અને હોય તો જતો વેવ કરેલ છે. તેમ સમજી અમો પાકકો રજીસ્ટ્ર વેચાણ દસ્તાવેજ ખરીદનાર ભાલાળા અશ્વિનભાઈ સવજીભાઈના નામે કરાવી આપીશુ. ત્યારબાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળઃ-બાબરા
તા. ૦૬/૦૭/૨૦૨૬

અમારા અસીલ
શ્રી બફલીપરા પરશોતમભાઈ નાગજીભાઈ વિ.૪ની સુચનાથી

DIVYESH K. RADADIYA - ADVOCATE (B.Com, LL.B.) Mo. 87803 97092
Address:-police station near, Rajkot-bhavanagar road,
Babra, Dist.Amreli, Gujarat -365421, India

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૦૨/૨૦૨૬

અરજદાર : શ્રી રાણુબેન બાબુભાઈ સાંખટ
સરનામુ : મુ.મીતીયાળા તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - મીતીયાળા
મુ. મીતીયાળા, તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના મીતીયાળા** ગામના **શ્રી રાણુબેન બાબુભાઈ સાંખટ** એ તેમના **પુત્રી નામે શ્રી મઘીબેન બાબુભાઈ સાંખટ નો** જન્મ તા.૧૦/૦૪/૧૯૯૪ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે. મે સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૦૫/૦૫/૨૦૨૬

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ


ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર

Dream Family spa
Ladies & Gents

ડ્રીમ
ફેમેલી સ્પા
લેડીઝ/જેન્ટસ



ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ

બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ

કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ

Appointment Now Mo.8160832025

ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા
અમરેલી - 365601

ઉર્જામંત્રી કૌશિક વેકરીયા અને જેટકો-પીજીવીસીએલના આર્થિક સહયોગથી અમરેલી જિલ્લામાં

# ગીરગંગા પરિવાર ટ્રસ્ટે બનાવેલા ચેકડેમો ઓવરફ્લો

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લામાં તાજેતરમાં પડેલા સાર્વત્રિક વરસાદના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં ખુશાલીનો માહોલ જોવા મળી રહ્યો છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જિલ્લાના અલગ અલગ ગામોમાં વર્ષોથી કરવામાં આવેલા જળસંચયના કાર્યો હવે સાર્થક બન્યા છે. ટ્રસ્ટ દ્વારા બનાવવામાં આવેલા ચેકડેમો અને વિવિધ જળ સ્ટ્રક્ચરો વરસાદી પાણીથી સંપૂર્ણ ભરાઈ ગયા છે અને અનેક સ્થળોએ ઓવરફ્લો થવાની સ્થિતિ સર્જાઈ છે. વર્ષોથી પાણીની અછતનો સામનો કરતા ખેડૂતો અને ગ્રામજનો માટે આ દ્રશ્યો રાહત અને આનંદ લાવનારા બન્યા છે. ચેકડેમોમાં મોટી માત્રામાં પાણીનો સંગ્રહ થતા આસપાસના વિસ્તારોના કુવા અને બોરવેલના પાણીના તળમાં નોંધપાત્ર વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જેના કારણે આગામી ઉનાળામાં પીવાના પાણીની મુશ્કેલી ઘણી હદ સુધી ઓછી થશે તેવી આશા સેવાઈ રહી છે. ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ થતા ખેતીમાં પણ સારો લાભ મળશે. કપાસ, મગફળી જેવા ખરીફ પાક ઉપરાંત ઘઉં, ચણા અને જીરાં જેવા રવિ પાકનું



ઉત્પાદન પણ વધશે અને પાકની ગુણવત્તામાં સુધારો જોવા મળશે. પૂરતા પાણીના કારણે સુકારા જેવા રોગોથી પણ પાકને રાહત મળશે. પશુઓ માટે લીલા ઘાસચારાની ઉપલબ્ધતા વધતા પશુપાલકોને પણ મોટો ફાયદો થશે અને પશુપાલન વ્યવસાયને નવી ગતિ મળશે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ ૧,૧૧,૧૧૧ જળ સ્ટ્રક્ચરો તૈયાર કરવાના સંકલ્પ સાથે સૌરાષ્ટ્રમાં સતત કાર્ય કરી રહી છે. ટ્રસ્ટ દ્વારા ગામડે ગામડે જઈ તૂટેલા ચેકડેમોની મરામત, નવા ચેકડેમોનું નિર્માણ તેમજ ડેમના તળમાંથી ફળદ્રુપ માટી કાઢી ખેડૂતોના ખેતરોમાં પહોંચાડવા જેવા અનેક લોકહિતના કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. લોકભાગીદારી, દાતાઓ અને ઉદ્યોગપતિઓના સહયોગથી હજારો જળસંચયના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે જેના કારણે અનેક વિસ્તારોમાં ભૂગર્ભ જળસ્તરમાં વધારો થયો છે. ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયાએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રનું વરસાદી પાણી દરિયામાં વહી જતું અટકાવી તેનો સદુપયોગ કરવો એ સંસ્થાનો મુખ્ય હેતુ છે. અમરેલી જિલ્લામાં ખેડૂતો અને દાતાઓના સહયોગથી ઉભા કરાયેલા ચેકડેમો આજે ઓવરફ્લો થતા ખૂબ આનંદની લાગણી અનુભવાઈ રહી છે. પાણી જ ખેડૂતની સાચી મૂડી છે અને આ પાણીના કારણે કુવા બોર રિચાર્જ થશે તેમજ આગામી સમયમાં ખેડૂતો સારો પાક મેળવી આર્થિક રીતે વધુ સમૃધ્ધ બનશે તેવી આશા વ્યક્ત કરી હતી.

## સા.કુંડલાના ગિનીયા ગામે ભારે વરસાદથી ફરજાની દીવાલ પડતાં મહિલાનું મોત

સાવરકુંડલા, તા. ૦૬

સાવરકુંડલાના ગિનીયા ગામે ભારે વરસાદના કારણે ફરજાની દીવાલ ધરાશાયી થતાં એક મહિલાનું મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે ચકુરભાઈ જીણાભાઈ માંગુડા (ઉં.વ.૩૫) એ પોલીસને કરેલી જાણ મુજબ, ભારે પવન સાથે વરસાદ આવતા તેમના પત્ની મંગુબેન ચકુરભાઈ માંગુડા (ઉં.વ.૩૦) પર ઘરના ફરજાની પથ્થરની (બેલાની) દીવાલ ધસી પડી હતી. જેના કારણે માથા, કપાળ તેમજ મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું કરુણ મોત નીપજ્યું હતું. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. એ. શેલાણા આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## અમરેલીમાં ભારે વરસાદથી ચાંદગઢ અને લાપાળીયાના ખેતરોનું ભારે ધોવાણ

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લામાં પડેલા ભારે વરસાદના કારણે અમરેલી તાલુકાના ચાંદગઢ અને લાપાળીયા ગામના ખેતરોમાં ભારે ધોવાણ થયું છે. સતત વરસેલા વરસાદથી ખેતીલાયક જમીનને નુકસાન પહોંચ્યું છે. સાથે ખેડૂતો ખેતરે જવા માટે



ઉપયોગમાં લેતા ગાડા માર્ગ પણ ધોવાઈ ગયા હોવાથી અવરજવર મુશ્કેલ બની છે. માર્ગ તૂટી જતાં ખેતીના કામોમાં વિલંબ થવાની સ્થિતિ ઉભી થઈ છે. વરસાદના કારણે અનેક સ્થળોએ પાણી ભરાઈ જતાં ખેડૂતોને ખેતરો સુધી પહોંચવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિક ખેડૂતો દ્વારા માર્ગોનું વહેલી તકે સમારકામ કરવાની માંગ ઉઠી છે.

## બગસરાના જૂની હળિયાદ ગામના યુવકનો મોબાઈલ ચોરાતા ફરિયાદ

બગસરા, તા.૦૬

બગસરાના જૂની હળિયાદ ગામના યુવકનો મોબાઈલ ચોરાયો હતો. આ અંગે સતીષભાઈ વાલજીભાઈ વસ્તાણી (ઉ.વ.૩૨)એ જાહેર કર્યા મુજબ, તેમણે તેમનું બાઈક બગસરા ગાયત્રી મંદિર પાસે આવેલ ફાયર સ્ટેશનની દિવાલ પાસે રાખ્યું હતું. બાઈકના ટૂલ બોક્સમાં તેમણે તેમનો ઓપો કે-૧૩ એક્સ મોડલનો કિં.રૂ.૧૩,૦૦૦નો મોબાઈલ તેમજ પાકીટ રાખ્યાં હતાં.

બાઈકના ટૂલ બોક્સમાંથી કોઈ અજાણ્યો ઈસમ તેમનો મોબાઈલ તેમજ પાકીટ ચોરી કરી લઈ ગયો હતો. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.જે.બાલસરા વધુ તપાસ કરી રહ્યા છે.

## બાબરા વિધાનસભા વિસ્તારના કાર્યકરો માટે ભાજપનો પ્રશિક્ષણ વર્ગ યોજાયો

લાઠી,તા.૦૬

લાઠી-બાબરા-દામનગર વિધાનસભા વિસ્તારનો ભારતીય જનતા પાર્ટીનો પ્રશિક્ષણ વર્ગ યોજાયો હતો. આ પ્રશિક્ષણ વર્ગમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા ભાજપ પ્રમુખ, જિલ્લાના આગેવાનો, વિવિધ વિષયોના જિલ્લા વક્તાઓ તેમજ લાઠી, બાબરા અને દામનગર વિસ્તારના ભાજપના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં



ઉપસ્થિત રહ્યા હતા. પ્રશિક્ષણ વર્ગ દરમિયાન સંગઠનને વધુ મજબૂત બનાવવા, કાર્યપધ્ધતિને અસરકારક બનાવવા, સરકારની જનકલ્યાણકારી યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા તેમજ કાર્યકર્તાઓની જવાબદારી અને ભૂમિકા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લા વક્તાઓએ ભારતીય જનતા પાર્ટીની વિચારધારા, સંગઠનના મૂલ્યો, સેવા, સુશાસન અને રાષ્ટ્રપ્રથમના સિધ્ધાંતો અંગે વિગતવાર માહિતી આપી હતી. આ પ્રસંગે જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીની સૌથી મોટી તાકાત તેના સમર્પિત અને સેવાભાવી કાર્યકર્તાઓ છે.

સતત પ્રશિક્ષણ અને સંગઠનાત્મક મજબૂતાઈ દ્વારા પાર્ટી વધુ સશક્ત બને છે. તેમણે દરેક કાર્યકર્તાને જનસંપર્ક વધારી સરકારની વિવિધ વિકાસલક્ષી અને જનહિતકારી યોજનાઓનો લાભ દરેક જરૂરિયાતમંદ સુધી પહોંચાડવા માટે સતત કાર્યરત રહેવા અનુરોધ કર્યો હતો. જિલ્લા ભાજપ પ્રમુખે જણાવ્યું હતું કે પ્રશિક્ષણ વર્ગ કાર્યકર્તાઓમાં નવી ઊર્જા, આત્મવિશ્વાસ અને કાર્યક્ષમતા વિકસાવવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. સંગઠનની નીતિઓ અને કાર્યક્રમોને વધુ અસરકારક રીતે અમલમાં મૂકવા માટે આવા પ્રશિક્ષણ વર્ગો ખૂબ ઉપયોગી સાબિત થાય છે.

પત્રકાર એકતા પરિષદ અને નવરંગ નેચર ક્લબ રાજકોટના સંયુક્ત ઉપક્રમે

## વડિયામાં રાહત દરે રોપા વિતરણ કેમ્પ, પર્યાવરણ જાગૃતિ સાથે વૃક્ષારોપણને મળશે પ્રોત્સાહન

વડિયા,તા.૦૬

પત્રકાર એકતા પરિષદ વડિયા અને નવરંગ નેચર ક્લબ રાજકોટના સંયુક્ત ઉપક્રમે ૮ જુલાઈના રોજ સવારે ૯થી ૧૨ વાગ્યા દરમિયાન સુરગવાળા સાર્વજનિક હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે રાહત દરે રોપા વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ચોમાસા દરમિયાન વૃક્ષ ઉછેર અને પર્યાવરણ જાગૃતિને પ્રોત્સાહન મળે તે હેતુથી ફૂલછોડ, ડેકોરેટિવ છોડ, કેસર આંબા, ચીકુ, નાળિયેરી, દેશી ઓહડિયા, પ્લાસ્ટિક કુંડા, અળસિયાનું ખાતર, અજમાનું મધ અને શાકભાજીના દેશી બિયારણનું રાહત દરે વિતરણ કરવામાં આવશે. સમગ્ર વડિયા વિસ્તારના લોકોને આ કેમ્પનો લાભ લેવા અનુરોધ કરાયો છે.

**ફૂલછોડ, ડેકોરેટિવ છોડ, ફળાવ વૃક્ષોની કલમો, શાકભાજીના બિયારણ સહિત વસ્તુઓ ઉપલબ્ધ રહેશે**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: સાતમ
તા.૦૭-૦૭-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૫:૨૮,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તરભાદ્રપદ

## દૈનિક રાશિફળ

તા.૦૭-૦૭-૨૦૨૬ મંગળવાર

મેષ: કોઇપણ અપેક્ષિત શુભ પરિણામના આગમનથી મન પ્રસન્ન રહેશે. કોઇ પ્રિય વ્યક્તિ સાથે રમૂજમાં રાતનો સમય પસાર થશે. આનાથી તમે થોડી હળવાશ અનુભવશો.

વૃષભ: આજે શ્રેષ્ઠ વ્યક્તિ સાથેની મુલાકાતને કારણે મનમાં ખુશી રહેશે. ઉચ્ચ અધિકારીઓની કૃપા રહેશે. રોજગારીની દિશામાં પણ સફળતા મળશે.

મિથુન: આજે તમારી શક્તિમાં વધારો થવાને કારણે શત્રુઓનું મનોબળ ઘટશે. પરિવાર સાથે આજનો દિવસ આનંદદાયક રહેશે.

કર્ક: આજે તમે જે પણ કામ કરશો તે સરળતાથી થઇ જશે. પરંતુ ધ્યાનમાં રાખો કે આજે નકામા કાર્યોમાં સમય બગાડો નહીં. ખર્ચમાં ઘટાડો કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે.

સિંહ: આજે તમારા વિરોધીઓ પરાજિત થશે. આ સાથે તમારું પારિવારિક જીવન પણ સુખી રહેશે. રાજકીય સમર્થન પણ મળશે. પણ તમારી વાણી પર સંયમ રાખો.

કન્યા: આજે તમે વ્યવસાયમાં પ્રગતિથી ખૂબ જ ખુશ રહેશો. વિવાહિત જીવન પણ આજે આનંદદાયક રહેશે. વિદ્યાર્થીઓ બૌદ્ધિક અને માનસિક બોજમાંથી રાહત અનુભવશે.

તુલા: નવી ઓળખાણ કાયમી મિત્રતામાં બદલાશે. સમયનો લાભ લો, આજે તમને તમારી સારી કાર્યશૈલી અને નરમ વર્તનથી લાભ મળશે.

વૃશ્ચિક: સાંસારિક આનંદ અને સન્માનમાં વધારો થશે, ભાગ્યનો વિકાસ યોગ ચાલી રહ્યો છે. આ સાથે નવી શોધોમાં પણ રસ વધશે.

ધન: આજનો દિવસ ખૂબ જ વ્યસ્ત અને તણાવમુક્ત રહેશે. સમજદારીથી કાર્ય કરો અને તમારા નજીકના લોકો સાથે બિનજરૂરી વિવાદોમાં ના પડશો, નુકસાન થઇ શકે છે.

મકર: આજનો દિવસ મિશ્ર લાભનો છે. તેથી કોઈપણ નિર્ણય લેવામાં ઉતાવળ ના કરો. આજે વ્યાવસાયિક બાબતો વચ્ચે વ્યક્તિગત મતભેદો લાવવાથી નુકસાન થઇ શકે છે.

કુંભ: આજે તમે કોઇ પ્રિયજનના સ્વાસ્થ્યને લઈને ચિંતિત રહેશો. તમારા જુનિયરો પાસેથી કામ મેળવવા માટે, તમારે પ્રેમથી કામ કરાવવું પડશે.

મીન: ખોવાયેલા પૈસા અથવા અટકેલા પૈસા મળશે. કોઈપણ મુશ્કેલ સમસ્યાનો ઉકેલ પરામર્શની શક્તિના આધારે પણ આવશે.

## રાજુલામાં ભારે વરસાદ બાદ પૂરગ્રસ્તો માટે બીએપીએસ દ્વારા ફૂડ પેકેટની મદદ

રાજુલા,તા.૦૬

રાજુલા ખાતે છેલ્લા ૩૬ કલાક દરમિયાન અંદાજિત ૧૨થી ૧૩ ઈંચ જેટલો ધોધમાર વરસાદ વરસતા શહેર તેમજ વડ, ભસાદર, ભરાઈ, રામપરા સહિતના અનેક ગામોમાં પાણી ભરાઈ ગયા હતા. નીચાણવાળા વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાતા અનેક પરિવારોને સલામત સ્થળે ખસેડવામાં



તસવીર : ગોપાલ રાઠોડ

આવ્યા હતા. પૂરથી અસરગ્રસ્ત લોકોને ખાવા પીવાની મુશ્કેલી ઉભી થતા ડેપ્યુટી કલેક્ટર દ્વારા બીએપીએસ સંસ્થાનો સંપર્ક કરાયો હતો. ત્યારબાદ મહુવા બીએપીએસ મંદિર દ્વારા તાત્કાલિક ૪૬૯ ફૂડ પેકેટ તૈયાર કરવામાં આવ્યા હતા. આ ફૂડ પેકેટ રાજુલાના મામલતદાર હરેશભાઈ પુરોહિતને સાધુ યોગીપુરુષદાસજી અને સાધુ નારાયણસેવકદાસજીની હાજરીમાં સરકારને વિતરણ માટે સુપ્રત કરાયા હતા. આ માનવસેવાની કામગીરીને સ્થાનિક લોકો દ્વારા ખુબ સરાહના મળી રહી છે.

## બગસરાના શાપર ગામે ઝેરી દવા ગટગટાવનારી પરિણીતાનું મોત

બગસરા, તા.૦૬

બગસરાના શાપર ગામે ઝેરી દવા પી લેનાર પરિણીતાનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ અંગે સાવરકુંડલાના કરજાળા ગામે રહેતા દીપકભાઈ શિવાભાઈ સોલંકી (ઉં.વ. ૩૫)એ પોલીસને કરેલી જાણ મુજબ, શાપર ગામે રહેતા ઉષાબેન સંજયભાઈ સોલંકી (ઉં.વ. ૩૪)ને તેમની મોટી દીકરી સાથે ઘરકામ બાબતે બોલાચાલી અને ઝઘડો થયો હતો. આ વાતનું લાગી આવતાં તેમણે ઝેરી દવા પી લીધી હતી. જેથી તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.એસ. બસીયા આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## અમરેલી ખરીદી કરવા આવેલા રાજકોટના રૈયાગામના વેપારીનો મુદ્દામાલ ચોરાયો

**વેપારીએ બે અજાણ્યા ઈસમ સામે સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૦૬

અમરેલી ખરીદી કરવા આવેલા રાજકોટના રૈયાગામના એક વેપારીનો મુદ્દામાલ ચોરાયો હતો. આ બનાવ અંગે રાજકોટના રૈયાગામમાં રહેતા પરશોત્તમભાઈ હાદાભાઈ પરમાર (ઉ.વ. ૩૭)એ બે અજાણ્યા ચોરો સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેઓ જ્યારે અમરેલીમાં સાડા પાંચ કિલોગ્રામ વાળની ખરીદી કરીને પરત ફરી રહ્યા હતા, ત્યારે રૂ.૫૮,૮૫૦ની કિંમતના વાળ તથા રૂ.૮,૫૦૦ રોકડા એક પ્લાસ્ટિકના કોથળામાં ભરીને પોતાની ફોર-વ્હીલર ગાડીમાં ડ્રાઈવરની પાછળની સીટ પર રાખ્યા હતા. કોઈ અજાણ્યા ચોરોએ ગાડીનો કાચ તોડીને તેમાંથી પ્લાસ્ટિકનો કોથળો તેમજ રોકડ રકમ મળી કુલ રૂ.૬૭,૩૫૦ના મુદ્દામાલની ચોરી કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. બી. સૈયદ આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

## બગસરામાં સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા વિદ્યાર્થી પારિતોષિક સન્માન સમારંભ યોજાયો

બગસરા,તા.૦૬

બગસરામાં સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા બીજો વિદ્યાર્થી પારિતોષિક સન્માન સમારંભ યોજાયો હતો જેમાં બગસરા તેમજ તાલુકાના મુસ્લિમ વિદ્યાર્થીઓને સન્માન કરી આગળ અભ્યાસ માટે શુભકામનાઓ આપવામાં આવી હતી. ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતા અને શિક્ષણ તેમજ વિવિધ ક્ષેત્રોમાં સફળતા મેળવનાર વિદ્યાર્થીઓને શિલ્ડ અને ગિફ્ટ આપી સન્માન કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ



તસવીર : હાર્દિક બામટા

તરીકે ઈમ્તિયાઝભાઈ પઠાણ, એકતા મંચ ગુજરાત અને ડો. શહેનાઝબેન બાબી નિવૃત્ત પ્રિન્સિપાલ જેતપુર હાજર રહ્યા હતા. સમાજના શિક્ષકોએ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ફીમાં ટ્યુશન આપવાની જાહેરાત કરી હતી. કાર્યક્રમ સફળ બનાવવા મીમ બચત ગ્રુપ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

**તંત્રી લેખ**

# વૈશ્વિક પાસપોર્ટ ઈન્ડેક્સ ૨૦૨૬

વૈશ્વિકીકરણના આ યુગમાં પાસપોર્ટની તાકાત માત્ર મુસાફરીની સરળતાનું સાધન નથી, પરંતુ તે કોઈ પણ દેશના આંતરરાષ્ટ્રીય સંબંધો, આર્થિક સ્થિરતા અને વૈશ્વિક વિશ્વસનીયતાનું જીવંત પ્રમાણ પણ છે. તાજેતરમાં બહાર પડેલા ગ્લોબલ પાસપોર્ટ ઈન્ડેક્સ અને હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સના આંકડાઓ ભારતીય નાગરિકો માટે મિશ્ર સંકેતો લઈને આવ્યા છે. એક તરફ ભારતીય પાસપોર્ટે છેલ્લા પાંચ વર્ષોમાં માત્ર બે રેન્કની ઉન્નતિ કરી છે, તો બીજી તરફ વૈશ્વિક મહાસત્તાઓ સાથેની સીધી સરખામણીમાં તે હજુય ઘણો પાછળ છે. આ લેખ ભારતીય પાસપોર્ટની વર્તમાન સ્થિતિ, તેની સીમાઓ અને ભવિષ્યની સંભાવનાઓની સમીક્ષા કરે છે. ગ્લોબલ પાસપોર્ટ ઈન્ડેક્સ દ્વારા ૧૯૭ દેશોના તાજેતરના રેન્કિંગમાં ભારત ૧૨૫મા સ્થાને છે, જે ગત વર્ષના ૧૨૪મા ક્રમ કરતાં એક ડગલું પછાત છે. આ ઘટાડો એકલો નથી, પરંતુ તે વૈશ્વિક વિઝા નીતિઓમાં થતા સતત બદલાવોનું પરિણામ છે. ૨૦૨૩ અને ૨૦૨૧માં ભારત ૧૨૭મા ક્રમે હતું, એટલે કે લાંબા ગાળે થોડો સુધારો થયો છે, પરંતુ ઝડપ ખૂબ જ ધીમી છે. આ ઈન્ડેક્સ મુજબ ભારતીય પાસપોર્ટ ધારકોને વિશ્વભરના માત્ર ૨૬ દેશોમાં જ વિઝા-મુક્ત પ્રવેશ મળે છે, જે વૈશ્વિક સરેરાશની તુલનામાં ખૂબ જ ઓછો આંકડો છે. નામિબિયા (૧૨૪મો) ભારતથી થોડો આગળ છે, જ્યારે અઝરબૈજાન (૧૨૬મો) થોડો પાછળ છે. ફિલિપાઈન્સ, મોરોક્કો અને ઉઝબેકિસ્તાન જેવા દેશો પણ ભારત કરતાં નીચે છે, પરંતુ આ દિલાસો આપવા જેવું નથી, કારણ કે ભારતનું લક્ષ્ય ઉચ્ચ કક્ષાના દેશો સાથે સ્પર્ધા કરવાનું હોવું જોઈએ. હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સના આંકડાઓ વધુ ઉતાર-ચઢાવ ધરાવે છે. ૨૦૨૫માં ભારત ૮૫મા ક્રમે હતો, જે ૨૦૨૬ના જાન્યુઆરીમાં સુધરીને ૭૫મા ક્રમે પહોંચ્યો, જે ૧૦ ક્રમનો નોંધપાત્ર ઉછાળો હતો. આ ઉછાળો કેટલાક દ્વિપક્ષીય કરારો અને આર્થિક સંવાદોને કારણે શક્ય બન્યો હતો. પરંતુ મે મહિનાના તાજેતરના રિપોર્ટમાં ભારત ફરી ૮૦મા ક્રમે સરકી ગયું છે, જે દર્શાવે છે કે આ સ્થિતિ સ્થિર નથી. આ વધઘટ આંતરરાષ્ટ્રીય સંબંધોની નાજુકતા અને વિઝા નીતિઓની અસ્થિરતા સમજાવે છે. જાન્યુઆરીથી મે વચ્ચેના આ પાંચ મહિનામાં જ ભારતે ૧૦ ક્રમ ઉપર અને પાંચ ક્રમ નીચેની સફર કરી છે, જે સૂચવે છે કે ભારતીય પાસપોર્ટની તાકાત હજુ પણ બાહ્ય પરિબળો પર ખૂબ આધારિત છે. ભારતીય નાગરિકો માટે વિઝા-મુક્ત અને વિઝા-ઓન-અરાઈવલની સુવિધા ધરાવતા દેશોની સંખ્યા લગભગ ૫૫ થી ૫૬ છે, જેમાં ભૂતાન, નેપાળ, જમૈકા, મકાઉ, પેલેસ્ટાઈન, ટ્યુનિશિયા, અંગોલા અને બાર્બાડોસ જેવા દેશોનો સમાવેશ થાય છે. આ દેશો મુખ્યત્વે પર્યટન અને ક્ષેત્રીય સહકાર માટે ઉપયોગી છે, પરંતુ વૈશ્વિક વેપાર, શિક્ષણ અને રોજગારના કેન્દ્રો ગણાતા અમેરિકા, બ્રિટન, જર્મની, ફ્રાન્સ, ચીન અને UAE જેવા ૮૦થી વધુ દેશોમાં હજુ પણ પૂર્વ-વિઝા ફરજિયાત છે. અંતે, ભારતીય પાસપોર્ટની વર્તમાન સ્થિતિ આશાના કિરણો અને પડકારો બંને ધરાવે છે. ૨૬ દેશોમાં વિઝા-મુક્ત મુસાફરી અને ૫૫ દેશોમાં વિઝા-ઓન-અરાઈવલ જેવી સુવિધાઓ ચોક્કસપણે સ્વાગત યોગ્ય છે. ભારતીય નાગરિકનું સ્વપ્ન વિશ્વભરમાં ખુલ્લા દરવાજા સાથે મુક્તપણે ફરવાનું છે, અને તે સ્વપ્ન સાકાર થવા માટે સમય, ધીરજ અને સાતત્યપૂર્ણ પ્રયાસોની જરૂર છે. વૈશ્વિક પાસપોર્ટ ઈન્ડેક્સના આ આંકડાઓ એક જાગૃતિ લાવે છે કે હવે સમય આવી ગયો છે કે ભારત આ દિશામાં ગંભીરતાપૂર્વક કાર્ય કરે.

# ભૂગર્ભજળમાં યુરેનિયમ હોવાથી ખળભળાટ મચ્યો પરંતુ ફ્લોરાઈડ જોખમી જાહેર થયો



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ભાભા અણુ સંશોધન કેન્દ્રના અભ્યાસે દેશના પીવાના પાણીની ગુણવત્તા અંગે મહત્વપૂર્ણ તથ્યો ઉજાગર કર્યા છે નિયમનકારી ધોરણોની સરખામણીમાં ફ્લોરાઈડ અને આર્સેનિકનું ઉચ્ચ પ્રમાણ મોટો પડકાર બની ગયો છે.

ભારતની પીવાના પાણીની ગુણવત્તા અને તેમાં રહેલા કિરણોત્સર્ગી તત્વોના સ્તરને લગતા વ્યાપક સર્વેક્ષણના તાજેતરના તારણો ભાભા અણુ સંશોધન કેન્દ્ર દ્વારા જાહેર કરવામાં આવ્યા છે, જે દેશના જળ સંસાધન વ્યવસ્થાપન અને જાહેર આરોગ્ય સુરક્ષા અંગે સકારાત્મક તેમજ સાવચેતીપૂર્ણ સંકેતો પૂરા પાડે છે. આ અભ્યાસે દેશભરના વિવિધ ભૂગર્ભજળના સ્ત્રોતોમાંથી લેવામાં આવેલા ૮૮ હજારથી વધુ નમૂનાઓનું વિગતવાર પૃથ્થકરણ કર્યું છે, જેમાં યુરેનિયમ, ફ્લોરાઈડ, આર્સેનિક અને કુલ ઓગળેલા ઘન પદાર્થો જેવા ઘણા મહત્વપૂર્ણ પરિમાણોની તપાસ કરવામાં આવી છે.

ભાભા અણુ સંશોધન કેન્દ્ર દ્વારા કરવામાં આવેલા આ અભ્યાસના સૌથી મહત્વપૂર્ણ તારણો પૈકીનું એક તારણ એ છે કે દેશના ૮૮ ટકા ભૂગર્ભજળના નમૂનાઓમાં યુરેનિયમનું પ્રમાણ સંપૂર્ણપણે સુરક્ષિત મર્યાદામાં જોવા મળ્યું છે. આ માહિતી સામાન્ય લોકોમાં ભૂગર્ભજળના કિરણોત્સર્ગી સંક્રમણ અંગે ઊભી થતી ચિંતાઓને નોંધપાત્ર રીતે ઘટાડવાન રોગ્ય માટે કોઈ તાત્કાલિક જોખમ ઊભું કરતું નથી. આ ધોરણો અણુ ઊર્જા નિયામક મંડળ દ્વારા નિર્ધારિત રાષ્ટ્રીય સુરક્ષા ધોરણોને અનુરૂપ છે, જે લાંબા ગાળાના સેવન દ્વારા શરીરના અવયવો પર પડતી પ્રતિકૂળ અસરોને અટકાવવા માટે કડક વૈજ્ઞાનિક સંશોધન પર આધારિત છે. જો કે, આ અભ્યાસના અહેવાલે એક અત્યંત મહત્વપૂર્ણ પાસા તરફ ધ્યાન દોર્યું છે, જે યુરેનિયમ સિવાયના અન્ય પ્રદૂષકોની ગંભીરતા છે. ભારતના ભૂગર્ભજળમાં યુરેનિયમ કરતાં ફ્લોરાઈડ અને આર્સેનિકની સમસ્યા વધુ વ્યાપક અને ચિંતાજનક જોવા મળી છે. સર્વેક્ષણના ડેટા દર્શાવે છે કે ૫.૫ ટકા નમૂનાઓમાં ફ્લોરાઈડનું પ્રમાણ ભારતીય ધોરણો કરતાં વધુ જોવા મળ્યું છે, જે સ્થાનિક સ્તરે ગંભીર ફ્લોરોસિસ રોગ તરફ દોરી જવાની શક્યતા ધરાવે છે. તદુપરાંત, લગભગ ૪૫ ટકા નમૂનાઓમાં આર્સેનિકનું સ્તર સુરક્ષિત મર્યાદા કરતાં વધુ હોવાનું જણાયું છે, જ્યારે ૩૪.૩ ટકા નમૂનાઓમાં કુલ ઓગળેલા ઘન પદાર્થોનું પ્રમાણ સ્વીકાર્ય મર્યાદાની બહાર જોવા મળ્યું છે.

આ આંકડાઓ સ્પષ્ટપણે સૂચવે છે કે યુરેનિયમની સુરક્ષિતતા માત્ર પાણીની ગુણવત્તાનો એક ભાગ છે, પરંતુ સામાન્ય રસાયણોનું પ્રદૂષણ ખરેખર દેશના પીવાના પાણી માટે ઘણો મોટો પડકાર છે.

આ સર્વેક્ષણના અહેવાલમાં પ્રાદેશિક ભૂસ્તરીય તફાવતોની પણ વિગતે ચર્ચા કરવામાં આવી છે, જે જળ વ્યવસ્થાપન માટે ખૂબ જ મહત્વપૂર્ણ સૂચકાંકો પૂરા પાડે છે. સંશોધનમાં જાણવા મળ્યું છે કે બોરવેલ અને કૂવાના ભૂગર્ભજળમાં યુરેનિયમનું પ્રમાણ સપાટીના નદીના પાણી કરતાં વધુ જોવા મળે છે. આ ઘટના ભૂગર્ભજળ અને ખડકો વચ્ચેના લાંબા ગાળાના કુદરતી સંપર્કને કારણે થાય છે, જેમાં જળ સ્તરોના ખડકોમાંથી યુરેનિયમ સહિતના ખનિજો ધીમે ધીમે ઓગળીને ભૂગર્ભજળમાં ભળી જાય છે. નદીના સતત વહેતા પાણીમાં ખનિજોનું પ્રમાણ તુલનાત્મક રીતે ઓછું હોય છે, તેથી જ ભૂગર્ભજળના યુરેનિયમ સ્તરમાં આ તફાવત સ્પષ્ટપણે જોવા મળે છે. આ તારણ સ્થાનિક સત્તાવાળાઓને ભૂગર્ભજળવાળા વિસ્તારોમાં પીવાના પાણીની સારવાર અને વૈકલ્પિક જળ સ્ત્રોતોની યોજના બનાવવા માટે વૈજ્ઞાનિક આધાર પૂરો પાડે છે.


અહેવાલમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે ભારતના જળ સંસાધનો પર વૈજ્ઞાનિક સંશોધન સમાજની સુખાકારી સાથે ગાઢ રીતે સંકળાયેલું છે. ભાભા અણુ સંશોધન કેન્દ્ર દ્વારા ભૂગર્ભજળના નમૂનાઓનું આ વ્યાપક વિશ્લેષણ માત્ર યુરેનિયમની ચિંતાઓને દૂર કરતું નથી, પરંતુ વધુ વ્યાપક પાણી ગુણવત્તા દેખરેખ અને નિયમનકારી કડકાઈની જરૂરિયાતને પણ ઉજાગર કરે છે. નિયમનકારી સંસ્થાઓએ વૈજ્ઞાનિક સંશોધન અને સતત દેખરેખના ડેટાના આધારે રાષ્ટ્રીય સુરક્ષા ધોરણોને સમયાંતરે અપડેટ કરવાની જરૂર છે, જેથી ખાતરી થઈ શકે કે દેશની વિવિધ પાણી ગુણવત્તા સમસ્યાઓનો સામનો અસરકારક રીતે થઈ શકે છે.

યુરેનિયમ સિવાયના અન્ય સામાન્ય પ્રદૂષકોની સમસ્યાએ સર્વેક્ષણના ડેટા દ્વારા સ્પષ્ટ કરી દીધી છે કે ભારતની પાણી ગુણવત્તા સમસ્યાઓ બહુપરીમાણીય છે અને તેના નિરાકરણ માટે બહુ-શાખાકીય સહયોગી સંશોધન અને સાવચેતીપૂર્ણ કાર્યક્ષમ નીતિ અમલીકરણની જરૂર છે.

ભાભા અણુ સંશોધન કેન્દ્ર દ્વારા હાથ ધરવામાં આવેલો આ સર્વેક્ષણ એ વૈજ્ઞાનિક ડેટાનો સમૃધ્ધ ભંડાર છે, જે સ્પષ્ટ દિશા આપે છે કે ભવિષ્યમાં જળ સંસાધનોના ઉપયોગ અને સંરક્ષણમાં કયા મુદ્દાઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. જેમ કે અહેવાલમાં સૂચવવામાં આવ્યું છે, લોકોની યુરેનિયમ અંગેની ચિંતાઓ કરતાં ફ્લોરાઈડ, આર્સેનિક અને કુલ ઓગળેલા ઘન પદાર્થોના ઉચ્ચ સ્તરના જોખમો સામે સાવચેતી રાખવી વધુ મહત્વપૂર્ણ છે. આ અભ્યાસ સાબિત કરે છે કે વૈજ્ઞાનિક સંશોધનનો ઉદ્દેશ્ય માત્ર સમાજની ચિંતાઓને દૂર કરવાનો નથી, પરંતુ પડકારોને વ્યવસ્થિત રીતે ઓળખીને વાસ્તવિક ઉકેલો તરફ નીતિ-નિર્માણને માર્ગદર્શન આપવાનો પણ છે. ભારતના વિશાળ ભૌગોલિક ક્ષેત્રમાં, સ્થાનિક વિશિષ્ટતાઓ અનુસાર યોગ્ય પાણી શુધ્ધિકરણ પધ્ધતિઓ અપનાવવા અને સતત જળ ગુણવત્તા દેખરેખ પ્રણાલી સ્થાપિત કરવી એ ભવિષ્યમાં દેશના સ્વચ્છ પાણી સંસાધનોની સ્થિરતાને સુનિશ્ચિત કરવાની ચાવી બની રહેશે.

**ભૂગર્ભજળમાં યુરેનિયમની હાજરી અંગે BARCનો સર્વેમા જણાવ્યા મુજબ ૮૮ ટકા નમૂનાઓ સુરક્ષિત પરંતુ અન્ય પ્રદૂષકોની ચિંતા વધુ ગંભીર બનતી જાય છે.**

## શબ્દ સંજોગ-૨૨૨૭



**આડી ચાવી :**
(૧) ગણપતિ આગળ મૂકવાનું માટીનું વાસણ (૪)
(૪) હાથીના ગંડસ્થળમાંથી ઝરતો રસ (૨)
(૬) લડાઈ (૩)
(૭) જો તમે...ને એક વખત મહેમાન બનાવશો તો તે તમારી માલિક બની જશે. (૨)
(૮) ચંદ્ર, પતિ (૨)
(૯) કાપીને મારી નાખવુ તે (૨)
(૧૦) રોગના જંતુઓની બનાવેલી દવા (૨)
(૧૨) જે પરિવારમાં...ન હોય, તે પરિવાર સુખેથી રહી શકતો નથી (૪)
(૧૫) ગુણે ગવાયેલુ ને ગંધે વગોવાયેલુ (૪)
(૧૭) જ્ઞાતિ ભોજન (૪)
(૨૧) હઠ, લગની (૨)
(૨૨) પરવરદિગાર (૨)
(૨૪) છાતીના માળાના હાડકામાનું દરેક (૩)
(૨૫) અધમ, સુંદર (૨)
(૨૭) વાતનો ઉહાપોહ (૪)
(૨૮) હાથનું એક ઘરેણુ (૩)
(૨૯) આનાં પારખા ન હોય (૨)
(૩૦) પ્રવાસ દરમિયાન થોડી પડેય ખરી (આ-અ) (૪)

**ઉભી ચાવી :**
(૧) દાડમ (૪)
(૨) ચેતનનું વિરોધાર્થી (૨)
(૩) ત્વચાનો એક રોગ (૩)
(૪) માલ-મિલકત, દોલત (૨)
(૫) માણસને પોતાના... પર ભરોસો હોય, એ આત્મ વિશ્વાસ નિશાની છે. (૨)
(૭) મનન, વિચાર (૩)
(૮) ખભો, ખાંધ (૨)
(૯) બદલા તરીકે જે કંઈ મજરે આપવાનુ હોય તે (૪)
(૧૧) મહોર લગાડી ચોટાડેલુ લાખનું ચકતુ (૨)
(૧૨) ચાળીસ શેરનુ તોલ (૨)
(૧૩)એક પક્ષી (૨)
(૧૪) દરેક યુવતી....પતિ ઈચ્છતી હોય છે (૨)
(૧૬) "....મણ સોનુને અર્ધોમણ રૂપુ...."(૨)
(૧૮) કજિયો, તકરાર (૪)
(૧૯) હજામત, મુડન (૨)
(૨૦) સ્વાસ્થય સારુ રાખવુ હોય તો આ નિયમિત કરો (૪)
(૨૩) દરેક વ્યક્તિએ કરવી જ જોઈએ (૩)
(૨૪) પંચાલ દેશના રાજાની પુત્રી : દ્રોપદી (૩)
(૨૬) ચૂરમુ, સત્વવાળો ખોરાક (૩)
(૨૮) આયુર્વેદ પ્રમાણે શરીરની ત્રણ ધાતુમાની એક (૨)

## શબ્દ સંજોગ-૨૨૨૬ જવાબ

**આડી ચાવી:** (૧) વિહાણ (૩) ઠઠોરી (૬) નિજ (૭) વગ (૮) ક્ષાલન (૧૦) યોરઈસો(રસોઈયો) (૧૩) કાટ (૧૪) કાપ (૧૫) ફાનસ (૧૭) પાર (૧૮) રઆરપા(આરપાર) (૨૨) ગણવેશ (૨૩) લસણ (૨૫) વતી (૨૬) કાજુ (૨૭) પ્રકાર (૨૮) કાનન.
**ઉભી ચાવી:** (૧) વિનિયોગ (૨) હાજર (૩) ઠગ (૪) રીક્ષા (૫) ટ્રેન (૭) વસો (૯) લલકાર (૧૧) ઈશાન (૧૨) નટવર (૧૫) ફારગતી (૧૬) સરવે (૧૯) આશકાર (૨૦) પાલ (૨૧) દાણ (૨૪) સમાન (૨૫) વટ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૧૦૦ | ૧૮૪૩ |
| ઘઉં લોકવન | ૪૧૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૨૦ | ૬૪૧ |
| જુવાર સફેદ | ૧૦૭૦ | ૧૧૮૯ |
| જુવાર લાલ | ૧૧૦૧ | ૧૨૫૦ |
| જુવાર પીળી | ૪૩૧ | ૬૦૦ |
| બાજરી | ૩૩૮ | ૪૪૫ |
| તુવેર | ૧૦૧૦ | ૧૫૪૪ |
| ચણા પીળા | ૧૦૪૦ | ૧૧૭૮ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૮૮૦ |
| અડદ | ૧૨૪૦ | ૧૮૩૦ |
| મગ | ૧૧૫૦ | ૧૭૩૦ |
| વાલ દેશી | ૫૪૦ | ૯૨૫ |
| ચોળી | ૯૮૦ | ૧૬૪૦ |
| વટાણા | ૬૨૦ | ૯૫૦ |
| કળથી | ૪૨૩ | ૬૦૩ |
| રાજમા | ૧૨૦૦ | ૧૮૯૬ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૨૫૦ |
| મગફળી જાડી | ૧૧૬૦ | ૧૫૮૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૪૦ |
| તલી | ૨૩૩૦ | ૨૫૭૫ |
| એરંડા | ૧૨૭૦ | ૧૩૮૦ |
| અજમો | ૨૪૦૦ | ૨૮૪૦ |
| સુવા | ૧૫૧૫ | ૧૭૩૦ |
| સોયાબીન | ૧૦૮૦ | ૧૮૭૦ |
| સીંગફાડા | ૧૪૪૦ | ૧૭૦૦ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૮૪૧ |
| લસણ | ૧૧૩૦ | ૨૫૦૦ |
| ધાણા | ૨૪૩૧ | ૩૦૦૦ |
| ધાણી | ૨૪૭૫ | ૨૯૭૫ |
| વરીયાળી | ૧૧૦૦ | ૨૩૨૩ |
| જીરૂ | ૩૩૪૧ | ૪૦૧૫ |
| રાય | ૧૪૧૦ | ૧૬૬૪ |
| મેથી | ૯૫૦ | ૧૭૫૦ |
| ઇસબગુલ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| અશેરીયો | ૯૯૯ | ૯૯૯ |
| કલોંજી | ૩૦૧૧ | ૩૬૬૧ |
| રાયડો | ૧૨૧૦ | ૧૪૨૫ |
| રજકાનું બી | ૮૦૦૦ | ૧૦૫૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૦૩ | ૬૧૧ |
| લીંબુ | ૪૧૨ | ૯૨૧ |
| પપૈયા | ૧૦૩ | ૨૧૨ |
| બટેટા | ૯૧ | ૨૯૯ |
| ડુંગળી સુકી | ૧૯૦ | ૪૯૧ |
| ટમેટા | ૩૫૪ | ૫૬૬ |
| સુરણ | ૭૨૫ | ૯૧૧ |
| કોથમરી | ૧૩૭૫ | ૧૮૨૨ |
| રીંગણા | ૧૧૦ | ૨૭૮ |
| કોબીજ | ૧૩૯ | ૪૧૮ |
| ફ્લાવર | ૩૧૨ | ૫૪૮ |
| ભીંડો | ૩૫૨ | ૬૮૦ |
| ગુવાર | ૫૨૫ | ૧૧૭૬ |
| ચોળાસીંગ | ૬૭૮ | ૧૨૫૪ |
| ટીંડોળા | ૩૫૬ | ૭૨૫ |
| દુધી | ૨૦૨ | ૪૧૩ |
| કારેલા | ૩૧૧ | ૬૪૨ |
| સરગવો | ૫૦૬ | ૧૦૧૪ |
| તુરીયા | ૫૧૮ | ૭૩૧ |
| પરવર | ૪૯૨ | ૭૧૯ |
| કાકડી | ૩૨૨ | ૧૦૨૬ |
| ગાજર | ૩૫૬ | ૫૭૯ |
| વટાણા | ૧૪૪૩ | ૧૬૫૨ |
| ગલકા | ૧૪૩ | ૨૬૭ |
| બીટ | ૩૦૫ | ૫૧૧ |
| મેથી | ૧૭૮૮ | ૨૦૨૪ |
| ડુંગળી લીલી | ૧૨૨૮ | ૧૬૬૮ |
| આદુ | ૨૫૧૦ | ૩૫૦૧ |
| મરચા લીલા | ૭૫૪ | ૯૬૨ |
| મકાઇ લીલી | ૧૬૪ | ૩૭૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૮૦૧ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૫૪ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૧૧ |
| મગફળી જીણી | ૧૧૪૧ | ૧૬૭૧ |
| સિંગદાણા જાડા | ૧૬૨૧ | ૧૯૭૧ |
| સિંગ ફાડીયા | ૯૦૧ | ૧૭૩૧ |
| એરંડા / એરંડી | ૧૨૯૧ | ૧૩૮૬ |
| જીરૂ | ૨૩૫૧ | ૪૧૪૧ |
| કલંજી | ૧૭૦૧ | ૩૫૯૧ |
| ધાણા | ૨૬૦૧ | ૩૦૮૧ |
| લસણ સુકું | ૯૯૧ | ૨૪૯૧ |
| ડુંગળી લાલ | ૧૭૧ | ૫૪૧ |
| અડદ | ૧૦૯૧ | ૧૮૦૧ |
| તુવેર | ૯૨૬ | ૧૪૯૧ |
| રાયડો | ૧૨૬૧ | ૧૨૭૧ |
| રાય | ૧૫૮૧ | ૧૫૮૧ |
| મેથી | ૯૫૧ | ૧૪૮૧ |
| કાંગ | ૬૩૧ | ૬૭૧ |
| ગુવાર બી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| મગફળી જાડી | ૧૧૦૧ | ૧૪૯૬ |
| સફેદ ચણા | ૧૦૮૧ | ૧૮૦૧ |
| તલ - તલી | ૧૯૫૧ | ૨૬૩૧ |
| ધાણી | ૨૭૦૧ | ૩૧૭૧ |
| બાજરો | ૩૧૧ | ૪૧૧ |
| જુવાર | ૪૨૧ | ૧૨૧૧ |
| મકાઇ | ૩૬૧ | ૪૫૧ |
| મગ | ૧૧૦૧ | ૧૭૭૧ |
| ચણા | ૧૦૨૬ | ૧૧૭૬ |
| વાલ | ૩૦૧ | ૯૨૧ |
| ચોળા / ચોળી | ૨૯૧ | ૧૫૫૧ |
| સોયાબીન | ૧૧૫૧ | ૧૫૮૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૨૫૧ |
| વટાણા | ૮૩૧ | ૮૩૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૭૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૫૦૦ |
| દુધી | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૧૧૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૪૪૦ |
| ગાજર | ૧૬૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૫૦૦ |
| વટાણા | ૨૬૦૦ | ૩૦૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૭૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૧૨ |
| કોથમીર પુરા | ૭ | ૧૧ |
| ફોદીનો પુરા | ૩ | ૫ |
| ચ્રૂણ | ૬૦૦ | ૮૦૦ |
| ક્રુદ્દિક્રિ | ૯૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૭૦૦ |
| મેથી પુરા | ૫ | ૨૫ |
| બીટ પુરા | ૧૦ | ૨૫ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૬૦૦ |
| કારેલા | ૨૦૦ | ૮૦૦ |
| આદુ | ૩૨૦૦ | ૩૮૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૭ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૧૦૦ | ૧૫૫૦ |
| શિંગદાણા | ૧૫૮૦ | ૨૨૧૦ |
| શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૭૨૫ |
| તલ કાળા | ૨૦૯૦ | ૩૮૮૫ |
| તલ કાશમીરી | ૧૯૧૫ | ૨૪૨૫ |
| ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૨૫ |
| ઘઉં લોકવન | ૪૯૫ | ૫૩૦ |
| મકાઈ | ૩૪૦ | ૩૪૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૭૦ |
| સફેદ ચણા | ૧૦૭૦ | ૧૦૯૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૩૯૫ |
| કપાસ | ૧૦૮૦ | ૧૯૦૦ |
| એરંડા | ૧૩૦૦ | ૧૩૬૦ |
| જીરૂ | ૨૯૨૦ | ૩૮૬૦ |
| ધાણી | ૨૪૮૦ | ૨૯૪૦ |
| મેથી | ૧૩૦૫ | ૧૩૪૦ |
| સોયાબીન | ૧૨૪૦ | ૧૫૫૦ |
| વરીયાળી | ૧૪૦૦ | ૧૪૦૦ |
| અળસી | ૧૪૦૦ | ૧૪૦૦ |
| રજકાનું બી | ૩૪૦૦ | ૮૦૦૦ |
| ઘઉં બંસી | ૫૦૫ | ૫૦૫ |
| જુવાર | ૬૦૦ | ૧૧૨૦ |
| બાજરો | ૫૦૦ | ૫૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૮૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૪૨૦ | ૫૨૦ |
| શકકરીયા | ૬૦૦ | ૭૫૦ |
| ટમેટાં | ૬૦૦ | ૭૦૦ |
| સુરણ | ૮૩૦ | ૯૩૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દુધી | ૨૫૦ | ૩૧૦ |
| કારેલા | ૬૫૦ | ૭૦૦ |
| ગલકા | ૩૫૦ | ૪૫૦ |
| મૂળા | ૬૫૦ | ૧૦૨૦ |
| કાકડી | ૬૫૦ | ૮૧૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૨૯૦૦ | ૩૦૦૦ |
| ચોળા લીલા | ૪૫૦ | ૬૫૦ |
| તુરીયા | ૭૨૦ | ૮૩૦ |
| ભીંડો | ૬૩૦ | ૭૩૦ |
| આદુ | ૨૯૦૦ | ૩૨૦૦ |
| કોથમીર | ૧૮૦૦ | ૨૦૦૦ |
| મેથીભાજી | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ફોદીનો | ૫૫૦ | ૬૫૦ |
| ટીંડોરા | ૬૨૦ | ૭૨૦ |
| બીટ | ૩૯૦ | ૫૦૦ |
| સરગવો | ૮૫૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૬૨૦ | ૧૨૫૦ |
| ડુંગળી સુકી | ૪૦૦ | ૬૦૦ |
| લસણ સુકું | ૨૦૦૦ | ૨૩૦૦ |
| પાલક | ૬૫૦ | ૭૫૦ |
| લીબુ | ૬૨૦ | ૮૫૦ |
| મકાઈ | ૨૩૦ | ૩૯૦ |
| ચિભડા | ૬૫૦ | ૧૦૨૦ |
| **સાવરકુંડલા** | | |
| તલ સફેદ | ૨૪૮૮ | ૨૫૫૦ |
| તલ કાળા | ૩૫૩૦ | ૩૫૭૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૫૦ |
| શીંગ દાણા | ૧૭૦૦ | ૨૦૦૦ |
| **બગસરા** | | |
| ઘઉ લોકવન | ૪૪૫ | ૪૫૫ |
| ઘઉ ટુકડા | ૪૮૬ | ૪૮૬ |
| ચણા | ૧૦૪૦ | ૧૦૫૦ |
| ધાણા | ૨૭૧૫ | ૨૭૪૦ |
| મેથી | ૧૧૨૦ | ૧૧૨૦ |
| શીંગદાણા | ૧૫૪૦ | ૧૭૧૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૦૫ |
| મગફળી | ૧૧૭૫ | ૧૧૭૫ |
| જુવાર | ૯૫૦ | ૯૫૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૫૩૫ |
| મગ | ૧૩૦૦ | ૧૪૮૦ |
| લસણ | ૫૩૫ | ૫૩૫ |
| મઠ | ૭૦૫ | ૭૦૫ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૨૧ | ૧૭૩૦ |
| કપાસ મીડીયમ | ૧૧૫૦ | ૧૫૩૫ |
| મગફળી | ૧૧૫૦ | ૧૩૦૫ |
| જીરૂ | ૩૨૪૦ | ૩૮૫૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૪૦ |
| ઘઉ | ૫૦૧ | ૫૧૦ |
| તલ કાળા | ૨૪૭૫ | ૩૩૦૦ |
| તલ સફેદ | ૨૧૬૦ | ૨૪૭૫ |
| **ભેંસાણ** | | |
| ઘઉં | ૪૦૦ | ૪૯૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૧૦ |
| તુવેર | ૮૦૦ | ૧૪૦૦ |
| મગફળી | ૭૮૦ | ૧૧૫૦ |
| જીરૂ | ૧૯૮૦ | ૩૯૫૦ |
| ધાણા | ૧૬૦૦ | ૩૦૦૦ |
| સોયાબીન | ૮૫૦ | ૧૪૫૦ |
| બાજરો | ૩૫૦ | ૪૨૬ |
| મગ | ૧૧૫૦ | ૧૬૫૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૦૦ |
| શિંગદાણા | ૧૮૮૦૦ | ૨૪૫૨ |
| શિંગફાડા | ૧૨૦૦ | ૧૭૦૦ |
| તલ સફેદ | ૧૩૫૦ | ૨૫૯૦ |
| મેથી | ૯૦૦ | ૧૨૦૦ |
| લસણ | ૮૦૦ | ૧૪૫૦ |
| **મહુવા** | | |
| શીંગ મગડી | ૧૩૪૮ | ૧૩૪૮ |
| શીંગ ૩૨ | ૯૫૮ | ૯૫૮ |
| શીંગ જી-૨૦ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| એરંડા | ૧૨૧૦ | ૧૩૦૦ |
| જુવાર | ૫૨૦ | ૧૧૬૧ |
| બાજરી | ૪૨૭ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૩૬૦ | ૫૬૭ |
| અડદ | ૧૮૨૪ | ૧૮૨૪ |
| મગ | ૧૪૦૧ | ૧૬૮૬ |
| ચણા | ૯૨૦ | ૧૧૫૩ |
| તલ સફેદ | ૨૫૮૦ | ૨૬૮૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૭૫૬ |
| તુવેર | ૯૦૦ | ૧૧૫૦ |
| ડુંગળી લાલ | ૧૨૮ | ૫૦૩ |
| નાળીયેર | ૫૦૦ | ૨૩૧૦ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૦૫૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૦૦ | ૧૨૪૮ |
| બાજરી હાઇબ્રીડ | ૪૧૧ | ૫૦૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૨૫ |
| જુવાર | ૧૦૦૦ | ૧૧૦૪ |
| અડદ | ૧૬૫૦ | ૧૮૮૪ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૪૪ |
| સફેદ તલ | ૧૮૦૦ | ૨૫૦૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૮૦૦ |
| શીંગદાણા | ૧૬૫૦ | ૨૨૫૦ |
| મગ | ૧૪૦૦ | ૧૭૫૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૦૦૫ | ૧૧૫૦ |
| બાજરો | ૩૧૫ | ૫૦૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૩૬ |
| મગ | ૧૫૦૦ | ૧૭૩૦ |
| અડદ | ૧૬૮૫ | ૧૭૧૫ |
| વાલ | ૮૦૫ | ૮૫૫ |
| ચણા | ૭૫૦ | ૧૧૫૯ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૫૮૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૫૦૦ |
| એરંડા | ૯૦૦ | ૧૩૪૦ |
| તલ | ૧૮૦૦ | ૨૬૫૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૩૬૩ |
| રાઈ | ૧૨૦૦ | ૧૭૨૦ |
| લસણ | ૮૦ | ૨૦૮૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૫૫ |
| અજમો | ૨૪૦૦ | ૩૩૧૫ |
| અજમાની ભૂસી | ૪૦ | ૨૭૦૦ |
| મગ | ૧૧૫૦ | ૧૬૫૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| બાજરો | ૪૫૦ | ૪૫૦ |
| ઘઉં ટુકડા | ૩૮૦ | ૪૭૦ |
| જુવાર | ૬૨૫ | ૧૧૭૧ |
| મગ | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ચણા | ૧૦૮૦ | ૧૦૮૦ |
| શીંગદાણા | ૧૮૦૦ | ૧૮૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**ખોડિયાર ડેમના દરવાજા ખોલાતા નદીમાં અચાનક પૂર આવતા**

# ધારીના સરંભડા ગામે નદીમાં તણાયેલા યુવકનો મૃતદેહ મળતા શોકની લાગણી

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લામાં ભારે વરસાદના કારણે ધારીના ખોડિયાર ડેમના ૯ દરવાજા ખોલવામાં આવતા સરંભડા ગામની નદીમાં અચાનક ધસમસતો પૂરનો પ્રવાહ આવ્યો હતો. ગઈકાલે રાત્રે આશરે ૮ વાગ્યે નદીના પટમાં હાજર શરદભાઈ મગનભાઈ કાછડીયા પાણીના તેજ વહેણમાં તણાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો અને તંત્ર દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી. સતત ચાલેલી શોધ કામગીરી બાદ આજે સવારે આશરે ૯ વાગ્યે નદીના પટમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ મળી આવતા પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. ભારે વરસાદ અને ડેમમાંથી છોડાયેલા પાણીના કારણે નદી કિનારે ન જવા તંત્ર દ્વારા લોકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

**ભારે વરસાદ અને ડેમમાંથી છોડાયેલા પાણીના કારણે નદી કિનારે ન જવા તંત્ર દ્વારા લોકોને સાવચેત રહેવા અપીલ**

# સાવરકુંડલા તાલુકાના ઠવી ગામે મોડીરાત્રે યુવાન પર સિંહનો હુમલો

અમરેલી,તા.૦૬


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા તાલુકાના ઠવી ગામે મોડી રાત્રે સિંહે રાજુભાઈ મનસુખભાઈ વાઘેલા પર અચાનક હુમલો કરતા ગામમાં દોડધામ મચી ગઈ હતી. હુમલા દરમિયાન પરિવારના સભ્યોએ હિંમત દાખવી સિંહને ભગાડતા રાજુભાઈનો જીવ બચી ગયો હતો. જોકે હુમલામાં તેમને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સાવરકુંડલાની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. બનાવની જાણ થતા વન વિભાગ અને સ્થાનિક તંત્ર ઘટના સ્થળે દોડી આવ્યું હતું અને સિંહની હિલચાલ પર નજર રાખવાની કામગીરી હાથ ધરી હતી. છેલ્લા કેટલાક સમયથી અમરેલી જિલ્લામાં સિંહો માનવ વસાહત તરફ આવતા હોવાની ઘટનાઓ વધતા ગ્રામજનોમાં ભય ફેલાયો છે. ગ્રામજનોએ રાત્રિના સમયે પેટ્રોલિંગ વધારવા અને લોકોની સુરક્ષા માટે અસરકારક પગલા ભરવાની માંગ ઉઠાવી છે.

# ભારે વરસાદથી ખાંભા-પીપળવા માર્ગનો પુલ ધોવાતા લોકોને હાલાકી



અમરેલી,તા.૦૬

ખાંભા વિસ્તારમાં છેલ્લા ૨૪ કલાકમાં પડેલા ભારે વરસાદના કારણે ખાંભાથી પીપળવા જતા પુલનો એક ભાગ ધોવાઈ ગયો છે. જેના કારણે ખેડૂતો અને રાહદારીઓને અવરજવરમાં ભારે મુશ્કેલી પડી રહી છે. અનેક રસ્તાઓને પણ નુકસાન પહોંચ્યું હોવાથી જનજીવન પર અસર જોવા મળી રહી છે. સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક સમારકામની માંગ ઉઠી છે.

# વડિયામાં બિન અધિકૃત અનાજનો જથ્થો ઝડપાતા અનાજ માફીયાઓમાં ફફડાટ

વડિયા,તા.૦૬



વડિયાના ચારણીયા રોડ પરથી બિન અધિકૃત રીતે અનાજનો જથ્થો પસાર થતો હોવાની બાતમીના આધારે મામલતદારની ટીમે પીછો કરીને રીક્ષાને અટકાવી હતી. જરૂરી આધાર પુરાવા માંગતા સંતોષકારક જવાબ ન મળતા અનાજનો જથ્થો, રીક્ષા અને વજન કાંટો મામલતદાર કચેરી ખાતે લાવી નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બાદમાં અનાજનો જથ્થો સરકારી ગોડાઉનમાં જમા કરાયો હતો જ્યારે રીક્ષા પોલીસને સોંપવામાં આવી હતી. ઝડપાયેલ ઈબ્રાહીમ મુસા માલવિયા અગાઉ પણ આવા જ ગુનામાં ઝડપાયો હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક તપાસમાં સસ્તા અનાજની દુકાનોમાંથી લાભાર્થીઓ પાસેથી અનાજ ખરીદી હોલસેલ વેપારીઓને સપ્લાય કરવામાં આવતું હોવાની માહિતી મળી છે. હવે તપાસમાં અનાજ કોની પાસેથી લેવામાં આવ્યું તેની વિગતો મેળવી સંબંધિત રેશનકાર્ડ ધારકો સામે પણ કાર્યવાહી થાય તેવી માંગ ઉઠી છે. તંત્ર દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

# સાવરકુંડલાના શિવાજી નગરમાં વરસાદી પાણી ઘરોમાં ઘુસ્યા

સાવરકુંડલા,તા.૦૬



સતત વરસાદને કારણે સાવરકુંડલાના વોર્ડ નં. ૨ના શિવાજી નગર વિસ્તારમાં અનેક ઘરોમાં વરસાદી પાણી ભરાઈ જતા સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ હતી. જાણ થતા જ સાવરકુંડલા નગરપાલિકાની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પરિસ્થિતિનો તાગ મેળવી પાણીના નિકાલ માટે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. વરસાદથી રહેવાસીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

# ઉનામાં અતિવૃષ્ટિથી ભારે તારાજી અને બચાવ કામગીરી

ઉના,તા.૦૬



ગીર સોમનાથ જિલ્લાના ઉના પંથકમાં આકાશી આફત ઉતરી આવી છે. ગત રાત્રિથી શરૂ થયેલા ભારે વરસાદને કારણે સમગ્ર વિસ્તાર જળબંબાકાર બન્યો છે. માલણ નદીમાં આવેલા પ્રચંડ પૂરના કારણે ગાંગડા અને સનખડા જેવા ગ્રામ્ય વિસ્તારો પાણીમાં ડૂબી ગયા છે. પૂરના ધસમસતા પ્રવાહમાં રસ્તાઓ ધોવાઈ જતાં સંપર્ક તૂટ્યો છે અને અનેક ઘરોમાં પાણી ભરાયા છે. વાવાઝોડા જેવા પવનને કારણે વીજપોલ ધરાશાયી થતાં અંધારપટ છવાયો છે, જ્યારે ૫૦થી વધુ પશુઓના મોતના અહેવાલો મળ્યા છે.આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે ફાયર વિભાગ અને એસ.ડી.આર.એફ.ની ટીમોએ મોડી રાત્રે જીવના જોખમે બચાવ કામગીરી શરૂ કરી હતી. ગાંગડા અને સુલતાનપુર ગામે ઘરોમાં ફસાયેલા પરિવારો અને લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢીને પ્રાથમિક શાળાઓમાં આશરો આપવામાં આવ્યો છે. રસ્તાઓ પર છાતીસમા પાણી હોવા છતાં તંત્ર સતત મોનિટરિંગ કરી રહ્યું છે.

**અનેક ઘરોમાં પાણી ભરાયા છે. વાવાઝોડા જેવા પવનને કારણે વીજપોલ ધરાશાયી થતાં અંધારપટ**

# અમરેલીમાં LCBની રેઈડ : દારૂની ૧૦૭ બોટલો અને ચાર મોટરસાયકલ સાથે બે શખ્સો ઝડપાયા

અમરેલી,તા.૦૬



અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટરની રાહબરી હેઠળ ટીમે અમરેલી સીટી વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન સરદાર ચોકમાંથી મોટર સાયકલ પર વિદેશી દારૂની હેરફેર કરતા બે ઈસમોને ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓમાં ઈન્દ્ર ઉર્ફે રામકુ ભનુભાઈ વાળા અને સુરજ દિનેશભાઈ વાળાનો સમાવેશ થાય છે, જ્યારે અન્ય ત્રણ આરોપીઓ (વિશાલ ગંગાજળીયા, ભનુભાઈ વાળા અને વિરકુભાઈ વાળા) નાસી છૂટવામાં સફળ રહ્યા છે.પોલીસે આરોપીઓ પાસેથી રૂ. ૧૧,૬૮૮ની કિંમતની વિદેશી દારૂની ૧૦૭ બોટલો, રૂ. ૨૪,૮૦૦ની રોકડ, રૂ. ૫૫,૦૦૦ની કિંમતના બે એન્ડ્રોઈડ ફોન અને કુલ ૨ લાખની કિંમતના ચાર મોટર સાયકલ (બે જુપીટર, એક બર્ગમેન અને એક એક્ટિવા) સહિત કુલ રૂ. ૨,૯૧,૪૮૮નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પકડાયેલ આરોપીઓ અને મુદ્દામાલને પ્રોહિબિશન ધારા હેઠળ આગળની કાયદેસરની કાર્યવાહી માટે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યા છે.

# કોડીનારના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા 'ખેત બચાઓ અભિયાન'ની પૂર્ણાહૂતિ

કોડીનાર,તા.૦૬



કોડિનારના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા.૧ થી ૩૦ જૂન દરમિયાન ગીર સોમનાથ જિલ્લામાં 'ખેત બચાઓ અભિયાન' અંતર્ગત વેરાવળ, સૂત્રાપાડા, કોડિનાર, ગીરગઢડા અને તાલાલા તાલુકાના ૧૦૦ જેટલા ગામોમાં ૪૪૦૦થી વધુ ખેડૂતોને કૃષિલક્ષી વિવિધ પધ્ધતિઓ, અલનીનોની અસર અને તેના પગલા નિવારણ સહિતની ખેતીલક્ષી માહિતી આપવામાં આવી હતી. આ અભિયાન દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના જુદા-જુદા વિષય નિષ્ણાંતો દ્વારા જમીન ચકાસણીનું મહત્વ અને તેના દ્વારા ખેતી ખર્ચમાં થતા ઘટાડા વિશે, સંતુલિત ખાતરનો ઉપયોગ, લીલા પડવાશનું વાવેતર કરી જમીનની ફળદ્રુપતા વધારવા, પ્રાકૃતિક ખેતીનું મહત્વ અને તેમના જુદા-જુદા ઘટકો વિશે તથા જૈવિક ખાતર અને ખેતીમાં અલનિનોની અસર વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

# રાજુલા પંથકમાં જેસીબીની મદદથી દર્દીને સારવામાં ખસેડાયો

રાજુલા,તા.૦૬


તસવીર :ગોપાલ રાઠોડ

રાજુલના સમઢીયાળા નંબર ૧થી ચાંચ બંદર જવાના માર્ગ પર ભારે વરસાદથી પુલ પર પાણી ફરી વળતાં ૧૦૮ એમ્બ્યુલન્સ આગળ જઈ શકી નહોતી. ઓપરેશન બાદ પેટની નળી ખેંચાઈ જતાં દર્દીને તાત્કાલિક સારવારની જરૂર હતી. ટીમ ટ્રેક્ટરથી દર્દી સુધી પહોંચી અને બાદમાં જેસીબીની મદદથી દર્દીને પુલ પાર કરાવી એમ્બ્યુલન્સ સુધી લાવી મહુવાની હનુમંત હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો.

# ધોરાજીમાં હાઉસિંગ બોર્ડના મકાનોમાં પાણી ઘૂસતા ઘરવખરીને નુકસાન

ધોરાજી,તા.૦૬


તસવીર : નયન ફુહાડીયા

ધોરાજી શહેરમાં ગઈકાલે પડેલા ભારે વરસાદ બાદ વોર્ડ નં. ૭ સ્થિત હાઉસિંગ બોર્ડ સોસાયટીમાં અનેક ઘરોમાં ગોઠણ સમા પાણી ભરાઈ જતા સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અનેક મકાનોમાં વરસાદી પાણી ઘૂસી જતાં ઘરવખરી, અનાજ, કરિયાણા સહિત જીવનજરૂરિયાતની વસ્તુઓને નુકસાન પહોંચ્યાનો સ્થાનિકોએ જણાવ્યું હતું.સ્થાનિકોએ નગરપાલિકા તંત્ર સામે ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, નગરપાલિકા દ્વારા ભૂગર્ભ ગટરની કામગીરી હાથ ધરાયા બાદ વરસાદી પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી નથી. પરિણામે ભારે વરસાદ પડતાં જ વરસાદી પાણીનો નિકાલ ન થતા સમગ્ર વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ જાય છે અને પાણી સીધું ઘરોમાં પ્રવેશી જાય છે.

---

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણકેસ-નં.૧૯૪/૨૦૨૬

પ્રતિ,
શ્રી દિનેશભાઈ કાળાભાઈ મકવાણા,
રહે.કાળાપાણ, ગામ-કાળાપાણ, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
...........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) તલાટી-કમ-મંત્રીશ્રી, કાળાપાણ
ગ્રામ પંચાયત કચેરી, કાળાપાણ, તા.ઉના, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના કાળાપાણ ગામના રહીશ દિનેશભાઈ કાળાભાઈ મકવાણા તથા પુનીબેન દિનેશભાઈ મકવાણાના પુત્રી શ્રુતી દિનેશભાઈ મકવાણા નો જન્મ તા.**01/06/2005** ના રોજ ઉના તાલુકાના કાળાપાણ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, કાળાપાણ, તા. ઉના સને-**2005** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૮/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે. ભીમાણી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

## મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બગસરા

જન્મ-મરણ રજી નં.૨૦/૨૦૨૬ તા.૩૦/૦૬/૨૦૨૬

અરજદાર:- (૧) શ્રી જીવીબેન જીવરાજભાઈ દુધાત વા/ઓફ વઘાસીયા રણછોડભાઈ
રહે. હળીયાદ નવી, તા.બગસરા, જિ.અમરેલી
(૨) વિવાદીના વકીલ શ્રી એફ.કે.ઠેબા રહે.બગસરા

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- (૧) જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
- વ -
તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત કચેરી
લુંધીયા, તા.બગસરા, જિ.અમરેલી

**-// નોટીસ //-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી જીવીબેન જીવરાજભાઈ દુધાત વા/ઓફ વઘાસીયા રણછોડભાઈનો જન્મ તા.૦૫/૦૭/૧૯૪૦ અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના લુંધીયા મુકામે જન્મ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાની જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનાવણી મુદત તા.૧૩/૦૭/૨૦૨૬ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
બગસરા

## મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બગસરા

જન્મ-મરણ રજી નં.૧૮/૨૦૨૬ તા.૩૦/૦૬/૨૦૨૬

અરજદાર:- (૧) શ્રી નસીમબેન હસનભાઈ સૈયદ
રહે. નટવર નગર, બગસરા, તા. બગસરા, જિ.અમરેલી
(૨) વિવાદીના વકીલ શ્રી એફ.કે.ઠેબા રહે.બગસરા

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- (૧) જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
- વ -
ચીફ ઓફીસરશ્રી નગરપાલીકા કચેરી
બગસરા, તા.બગસરા, જિ.અમરેલી

**-// નોટીસ //-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી નસીમબેન હસનભાઈ સૈયદના જેઠાની શ્રી રોશનબેન દાદુભાઈ સૈયદનું મરણ તા.૦૧/૦૭/૧૯૭૪ અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના બગસરા મુકામે મરણ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાની મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનાવણી મુદત તા.૧૩/૦૭/૨૦૨૬ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
બગસરા

## મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ વડીયા

-: જાહેર નોટીસ :-

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૨૮/૨૦૨૬

અરજદારશ્રી:- શ્રી જયરાજભાઈ સુરગભાઈ વાળા
રે.બરવાળા બાવળ, તા. વડીયા, જી. અમરેલી
એડવોકેટશ્રી- મયુર બી. દેસાઈ, મો.૯૭૨૫૭ ૭૨૮૫૪

વિરૂધ્ધ

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી બરવાળા બાવળ, તા.વડીયા, જિ.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી જયરાજભાઈ સુરગભાઈ વાળાએ તેમના માતૃશ્રી રમજુબેન સુરગભાઈ વાળાનું અવસાન તા.૧૭/૦૮/૨૦૨૩ ના રોજ મુ.બરવાળા બાવળ, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૧૬/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી,
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
વડીયા

# લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા "અંતરની એકરૂપતા" શપથ ગ્રહણ કાર્યક્રમ યોજાયો



અમરેલી,તા.૦૬

લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા ગજેરા પરા પટેલવાડી ખાતે નવા લાયન વર્ષ ૨૦૨૬-૨૭ નિમિત્તે "અંતરની એકરૂપતા" શપથ ગ્રહણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઈન્સ્ટોલિંગ ઓફિસર લાયન નીરવભાઈ વાડદોરિયા (ફર્સ્ટ વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર, ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨-J)ના હસ્તે ક્લબના નવા હોદ્દેદારોને શપથ લેવડાવવામાં આવ્યા હતા. જેમાં પ્રમુખ લા. જતીનભાઈ સુખડિયા, સેક્રેટરી MJF લા. રાજેશ ઝાલાવડિયા, ખજાનચી લા. ગોરધનભાઈ માંદલિયા સહિત નવી ટીમના તમામ હોદ્દેદારોએ શપથ ગ્રહણ કર્યા હતા.

નવનિયુક્ત હોદ્દેદારોએ લાયન્સના સૂત્ર "We Serve" ને આત્મસાત કરીને માનવસેવા, સમાજકલ્યાણ, આરોગ્ય, શિક્ષણ અને પર્યાવરણ ક્ષેત્રે વધુ સેવાકીય કાર્યો કરીને સમાજના દરેક વર્ગ સુધી સેવા પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ તરીકે અમરેલી લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડી. કે. રૈયાણી ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્ઘાટક તરીકે દ્વિતીય વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન જયકિશનભાઈ દેવાણી ઉપસ્થિત રહ્યા હતા. વિશિષ્ટ મહેમાનોમાં પૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નર PMJF લાયન વસંતભાઈ મોવલિયા, પૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન ધીરજલાલ રાણપરિયા, અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયા, લા. કાંતિભાઈ વઘાસિયા, લા. દિનેશભાઈ ભુવા લા. RC.કૌશિકભાઈ હપાણી, લા. ZC.વિજયભાઈ વસાણી, લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલના પ્રમુખ શ્રી રાકેશભાઈ નાકરાણી, લાયન્સ ક્લબ ઓફ અમરેલી સિટીના પ્રમુખ નરોત્તમભાઈ સાકરિયા, જીતુભાઈ ગોળવાળા, રાજુભાઈ માંગરોળિયા, રુજુલભાઈ ગોંડલિયા, સુરેશભાઈ દેસાઈ સંજોગ ન્યૂઝ તથા સંદીપભાઈ માંગરોળિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમજ લા. રાજુભાઈ પરીખ, પૂર્વ પ્રમુખ લા. બકુલભાઈ ભટ્ટ, ઉપપ્રમુખ લા. રજનીભાઈ ધોરાજિયા, લા. નંદલાલભાઈ તળાવિયા, લા. જયસુખભાઈ ઢોલરિયા, લા. જે.ડી. સાવલિયા, લા. પ્રકાશભાઈ સેંજલિયા, લા. કેતનભાઈ ધોળકિયા, લા. રાજેશ વિઠલાણી, લા. કૌશિકભાઈ ભુવા, લા. સહમંત્રી લા.જતિન કોટડીયા, સહખજાનચી લા.મેહુલ બાબરીયા, લા. હાર્દિક રામાણી, લા. દિનેશભાઈ હિરપરા, લા. મહેશ સોહલીયા, લા. હરેશ ધોરાજીયા, લા. સિધ્ધાર્થ વસતાણી, લા. ભાવેશ નાકરાણી, લા. ઉમેશ કાનાણી, લા. મનીષ ટાંક, લા. જયેશ સતાણી, લા. સંજય રાજપરા, લા. ઘનશ્યામ શિંગાળા, લા. વિજય રાદડિયા, લા. જીતેન્દ્ર સંઘાણી, લા. અશોક વોરા, લા. જીતેન્દ્ર સોન્ડાગર, લા. દિવ્યેશ તળાવીયા, લા. ઘનશ્યામ હપાણી, લા. અમિત ધાનાણી, લા. હિતેશ સોલંકી, લા. મંગળાબેન ગોહિલ, લા.દિવ્યાબેન સોજીત્રા, લા.પી.સી. દુધાત, સહિત લાયન્સ પરિવારના તમામ સભ્યો અને જુનિયર સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને નવી ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી.


આ પ્રસંગે લાયન્સ પરિવાર અમરેલી દ્વારા પૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નર PMJF લાયન વસંતભાઈ મોવલિયાના જન્મદિવસની ઉજવણી પણ કરવામાં આવી હતી.અંતમાં ક્લબના સેક્રેટરી MJF લા. રાજેશ ઝાલાવડિયા દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવો, મહેમાનો અને લાયન્સ પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સાથે જ નવા લાયન વર્ષમાં વધુ ઉત્સાહ, સમર્પણ અને સેવાભાવ સાથે સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

**પ્રમુખ તરીકે લા.જતીન સુખડીયા, સેક્રેટરી તરીકે લા.રાજેશ ઝાલાવડીયા અને ખચાનચી તરીકે લા. ગોરધનભાઈ માંદલીયાની નિમણૂંક**

# મધ્યપ્રદેશમાં નવા વકફ બોર્ડની રચના, પ્રથમ વખત બે હિન્દુ સભ્યોને સ્થાન

ભોપાલ,તા.૦૬

મધ્યપ્રદેશ સરકારે સુધારેલા વકફ અધિનિયમ-૨૦૨૫ હેઠળ નવા રાજ્ય વકફ બોર્ડની રચના કરી છે. મુખ્યમંત્રી મોહન યાદવના નિર્દેશ બાદ રચાયેલા આ બોર્ડમાં પ્રથમ વખત બે હિન્દુ સભ્યોની નિમણૂક કરવામાં આવી છે. ઈન્દોરના મનોજ માલપાણી અને ગુનાના અનિમેષ ભાર્ગવને બોર્ડના સભ્ય તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. રાજ્ય સરકારે ગેઝેટ જાહેરનામું બહાર પાડી સનવર પટેલને વકફ બોર્ડના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે. નવા બોર્ડમાં કુલ ૧૦ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં ધારાસભ્યો આતિફ અકીલ, ફૈઝાન





ખાન, નજમા હેપતુલ્લા, શૈસ્તા સુલતાન, ફાતેમા ચૌધરી, શબાના ખાન તેમજ પછાત વર્ગો અને લઘુમતી કલ્યાણ વિભાગના કમિશનરનો પણ સમાવેશ થાય છે. સરકારના જણાવ્યા મુજબ નજમા હેપતુલ્લાનો અગાઉનો કાર્યકાળ ૧૮ એપ્રિલ, ૨૦૨૮ સુધી યથાવત રહેશે. મધ્યપ્રદેશ સુધારેલા વકફ અધિનિયમ-૨૦૨૫ હેઠળ નવું વકફ બોર્ડ રચનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

# યુપીના જલાલાબાદનું નામ પરશુરામપુરી કરવા યોગી સરકારનો નિર્ણય

લખનૌ,તા.૦૬

ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકારની કેબિનેટે શાહજહાંપુર જિલ્લાના જલાલાબાદ શહેરનું નામ બદલીને પરશુરામપુરી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ભગવાન પરશુરામના જન્મસ્થળ તરીકે જાણીતા આ શહેરનું નામ બદલવાની માંગ સ્થાનિક રહેવાસીઓ અને



જનપ્રતિનિધિઓ લાંબા સમયથી કરી રહ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલી પ્રેસ નોંધ અનુસાર, જલાલાબાદ નગરપાલિકા પરિષદ વિસ્તારમાં આવેલા શહેરનું નામ પરશુરામપુરી કરવા અંગેના પ્રસ્તાવ પર કોઈ વાંધો નોંધાયો નહોતો. ત્યારબાદ કેબિનેટે આ પ્રસ્તાવને સત્તાવાર મંજૂરી આપી હતી. હવે સરકારી દસ્તાવેજો અને વહીવટી પ્રક્રિયાઓમાં શહેરનું નામ પરશુરામપુરી તરીકે ઉપયોગમાં લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે યોગી સરકારે અગાઉ પણ ઉત્તર પ્રદેશના અનેક સ્થળોના નામ બદલ્યા છે.અલ્હાબાદનું નામ પ્રયાગરાજ, ફૈઝાબાદનું નામ અયોધ્યા અને મુઘલસરાયનું નામ પંડિત દીનદયાળ ઉપાધ્યાય નગર કરવામાં આવ્યું હતું. તાજેતરમાં ગોરખપુર અને અન્ય જિલ્લાઓમાં પણ કેટલાક વિસ્તારોના નામ બદલવામાં આવ્યા છે.

# મધ્યપ્રદેશમાં એમડી ડ્રગ્સ ફેક્ટરીનો પર્દાફાશ, કરોડોના નશીલા પદાર્થો જપ્ત

ભોપાલ,તા.૦૬

મધ્યપ્રદેશના મૌગંજ જિલ્લાના બિજૌલી ગામમાં પોલીસે કથિત એમડી ડ્રગ્સ બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ કરીને કરોડો રૂપિયાનાં શંકાસ્પદ ડ્રગ્સ, રસાયણો, એસિડ, ઉત્પાદન માટેનાં સાધનો અને એક લકઝરી કાર જપ્ત કરી છે. આ કાર્યવાહી દરમિયાન ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં આ ડ્રગ્સ મુંબઈ સુધી સપ્લાય થતી હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. પોલીસે સમગ્ર સપ્લાય નેટવર્કની તપાસ શરૂ કરી છે.



આરોપીઓ સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# છોટાઉદેપુરમાં પાણી ભરેલા ખાડામાં ડૂબી જતા બે સગી બહેનોના મોત


છોટાઉદેપુર,તા.૦૬

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના મોટી ઝુડલી ગામમાં સરકારી પાણીની પાઈપલાઈન લીક થવાને કારણે પાણી ભરાયેલા ઊંડા ખાડામાં ડૂબી જવાથી બે માસૂમ સગી બહેનોના કરુણ મોત થયા હતા. મળતી માહિતી મુજબ, બુધારિયાભાઈ ભીલની દીકરીઓ નીરુમતિ (ઉંમર ૪.૫ વર્ષ) અને મીનાક્ષી (ઉંમર ૩.૫ વર્ષ) ઘર નજીક રમતી હતી. આ દરમિયાન કોઝવે પાસે પાણી ભરાયેલા ખાડામાં બંને અચાનક પડી જતાં ડૂબી ગઈ હતી. સ્થાનિકોએ બચાવના પ્રયાસો કર્યા, પરંતુ બંનેના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. ઘટનાથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે અને સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાયો છે. પોલીસે જરૂરી કાર્યવાહી શરૂ કરી છે, જ્યારે ગ્રામજનોએ પાઈપલાઈનની બેદરકારી માટે જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

# રામ મંદિર ટ્રસ્ટે ચંપત રાય અને અનિલ મિશ્રાના રાજીનામા મંજૂર કર્યા

અયોધ્યા,તા.૦૬

અયોધ્યાના રામ મંદિર દાન ચોરી પ્રકરણ વચ્ચે યોજાયેલી ટ્રસ્ટની બેઠકમાં મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાના રાજીનામા સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા છે. એસઆઈટી તપાસ શરૂ થયા બાદ બંનેએ રાજીનામું આપ્યું હતું. બેઠકમાં તપાસ અહેવાલ અને પ્રસાદ તથા દાન સંબંધિત ગેરરીતિઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ટ્રસ્ટે તપાસ પર સંતોષ વ્યક્ત કરતાં જવાબદારી નિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. બંને પદાધિકારીઓ બેઠકમાં હાજર રહ્યા ન હતા. હવે તેમના



સ્થાને નવી નિમણૂક અંગે ચર્ચા શરૂ થઈ છે, જ્યારે સમગ્ર મામલે એસઆઈટીની તપાસ યથાવત ચાલુ છે.

# માળિયા મિયાણામાં પોલીસે ૭૦ હથિયારો અને ડુપ્લિકેટ સોનાના બિસ્કિટ જપ્ત કર્યા

મોરબી,તા.૦૬

મોરબી જિલ્લાના માળિયા મિયાણામાં તાજેતરમાં નોંધાયેલા હત્યા અને આર્મ્સ એક્ટના ગુનાની તપાસના ભાગરૂપે પોલીસે મેગા કોમ્બિંગ ઓપરેશન હાથ ધર્યું હતું. આ કાર્યવાહી દરમિયાન એક દેશી કટ્ટો, ૨૩ જીવતા કારતૂસ, ત્રણ એરગન, ૭૦ જેટલા ઘાતક હથિયારો તેમજ ૧૦૦ ડુપ્લિકેટ સોનાના બિસ્કિટ જપ્ત કરવામાં આવ્યા હતા. પોલીસના



જણાવ્યા મુજબ ડુપ્લિકેટ સોનાના બિસ્કિટનો ઉપયોગ છેતરપિંડી માટે થતો હોવાની આશંકા છે અને તે દિશામાં તપાસ ચાલી રહી છે.

રેન્જ આઈજીના માર્ગદર્શન હેઠળ બપોરથી સાંજ સુધી માળિયા અને આસપાસના ત્રણ ગામોમાં સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. તેમાં ત્રણ ડીવાયએસપી, ૧૫ પીઆઈ, ૩૨ પીએસઆઈ અને આશરે ૪૦૦ પોલીસ કર્મચારીઓ જોડાયા હતા.

ઓપરેશન દરમિયાન એક પેરોલ જમ્પ કરનાર અને બે નાસતા ફરતા આરોપીઓને પણ ઝડપી લેવામાં આવ્યા હતા. ઉપરાંત વાહન ચેકિંગ દરમિયાન ૩૬ વાહનો ડિટેન કરી દંડ વસૂલવામાં આવ્યો હતો. પીજીવીસીએલના ત્રણ ગેરકાયદે વીજ જોડાણ પણ ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# અધિક કલેક્ટરનું જાહેરનામુ : અમરેલી જિલ્લામાં નિચાણવાળા વિસ્તારમાં જવા માટે પ્રવેશબંધી

અમરેલી,તા.૦૬

અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. જાહેરનામા મુજબ સમગ્ર જિલ્લામાં આવેલા જળાશયો, સિંચાઈ યોજનાઓ, નદી, તળાવો, પુલ તેમજ નીચાણવાળા વિસ્તારોમાં પ્રવેશ કરીને ન્હાવા, તટ અથવા પાળી પર જઈ જોખમી રીતે સેલ્ફી લેવા તેમજ મોબાઈલ કે કેમેરાથી ફોટા અને વિડિયો ઉતારવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.અમરેલી, લાઠી, બાબરા, બગસરા, વડીયા, સાવરકુંડલા, લીલીયા, ધારી, ખાંભા, રાજુલા અને જાફરાબાદ તાલુકામાં આ પ્રતિબંધ અમલમાં રહેશે. જાહેરનામું સમગ્ર અમરેલી જિલ્લામાં ૨૯ ઓગસ્ટ ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ નિયમનો ભંગ કરનાર વ્યક્તિ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.


**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૧૭૬/૨૦૨૬

અરજદાર :- શ્રી ભીખુભાઈ મનજીભાઈ કાનપરીયા
રહે.વાંકીયા, તા.જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.વાંકીયા, તા.જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના વાંકીયા ગામમાં અરજદાર શ્રી ભીખુભાઈ મનજીભાઈ કાનપરીયાએ તેઓના ભત્રીજી દક્ષાબેન ધીરૂભાઈ કાનપરીયાની જન્મ (તા.૦૨/૦૨/૧૯૭૬) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૭/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

# અમરેલી જિલ્લામાં ધોધમાર વરસાદથી જનજીવન ખોરવાયું



અમરેલી,તા. ૦૬

અમરેલી સહિત જિલ્લાના અનેક વિસ્તારોમાં સતત બીજા દિવસે પણ ધોધમાર વરસાદ વરસતા જનજીવન પર વ્યાપક અસર જોવા મળી હતી. દિવસ દરમિયાન ભારે ઉકળાટ અને ગરમી બાદ સાંજ પડતા જ આકાશમાં કાળા વાદળો છવાઈ ગયા હતા અને વીજળીના કડાકા-ભડાકા સાથે મુશળધાર વરસાદ શરૂ થયો હતો. ભારે વરસાદને કારણે અમરેલી શહેરના અનેક મુખ્ય માર્ગો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. રાજકમલ ચોક, નાગનાથ વિસ્તાર, કેરીયા રોડ સહિતના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતા લોકોને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. રસ્તાઓ પર પાણી ભરાઈ જતાં વાહનચાલકોને ધીમી ગતિએ વાહનો ચલાવવાની ફરજ પડી હતી. જિલ્લાના બાબાપુર, મેડી, તરવડા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ બારે મેઘ ખાંગા થયા હતા. ભારે વરસાદના કારણે નાળા અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં અનેક સ્થળોએ અવરજવર પ્રભાવિત બની હતી. ગ્રામ્ય માર્ગો પર પાણી ફરી વળતાં લોકોને જરૂરી કામ માટે બહાર નીકળવામાં મુશ્કેલી પડી હતી. સાવરકુંડલામાં સતત બીજા દિવસે ધોધમાર અઢી ઈંચ વરસાદ વરસ્યો હતો. તો લાઠીમાં બે ઈંચ જેટલો વરસાદ પડતા માર્ગો પાણી-પાણી થઈ ગયા હતા. આમ, અમરેલી જિલ્લામાં સતત બીજા દિવસે મેઘમહેર યથાવત રહી હતી.

### સા.કુંડલાનો સુરજવડી ડેમ ઓવરફ્લો

સા.કુંડલા પંથકમાં ભારે વરસાદને કારણે સુરજવડી ડેમ ઓવરફ્લો થયો છે. જેથી ડેમની નીચે આવતા દોલતી,ધાંડલા ગામોના લોકોને નદીના પટમાં અવરજવર નહી કરવા તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે. સુરજવડી ડેમ ૦.૧૦ મીટર ઓવરફ્લો થઈ રહ્યો છે.

**ક્યાં કેટલો વરસાદ**
**રાતના ૧૦ વાગ્યા સુધીના આંકડા**

| તાલુકો | મીમી |
| --- | --- |
| વડીયા | ૦૭ |
| બાબરા | ૨૯ |
| લાઠી | ૭૪ |
| લીલીયા | ૧૫ |
| અમરેલી | ૬૨ |
| બગસરા | ૦૭ |
| ધારી | ૦૨ |
| સા.કુંડલા | ૬૩ |
| ખાંભા | ૦૯ |
| જાફરાબાદ | ૦૧ |
| રાજુલા | ૦૫ |

### જાળીયા, કમીગઢ આસપાસના ગામોમાં ૭ ઈંચ વરસાદ

અમરેલી જિલ્લાના જાળીયા, કમીગઢ આસપાસના પંથકમાં મેઘરાજાએ હેત વરસાવ્યું હતુ. આ ત્રણેય ગામમાં અવિરત વરસાદ વરસતા ૭થી ૮ ઈંચ જેટલો વરસાદ પડતા રસ્તાઓ અને ખેતરો પાણીથી તરબોળ બની ગયા હતા.નિચાળવાળા વિસ્તારમાં રહેતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આમ, મેઘરાજાએ અમરેલી જિલ્લામાં મુકામ કરતા ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી.

## ભાવનગર-પરા રેલવે સ્ટેશન પરથી ૧૬ કિલોથી વધુ ગાંજા સાથે શખ્સ ઝડપાયો



ભાવનગર,તા.૦૬

નશામુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત ભાવનગર રેલવે પોલીસે ભાવનગર-પરા સ્ટેશન પરથી ૧૬.૯૭૭ કિલોગ્રામ ગાંજા સાથે મૂળ ઝારખંડના વિનોદ રાજકુમાર કેસરી (ઉંમર ૩૮)ની ધરપકડ કરી છે. પીએસઆઈ એસ. એમ. કળોતરાના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ આરોપી પાસેથી આ જથ્થો મળ્યો હતો. પોલીસે અંદાજે રૂ.૮,૪૮,૮૫૦ની કિંમતનો ગાંજો અને મોબાઈલ સહિત કુલ રૂ.૮,૪૯,૩૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી વિરુધ્ધ એનડીપીએસ (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધીને આ નશાના નેટવર્કની વધુ તપાસ શરૂ કરાઈ છે.

## અમદાવાદ-ભાવનગર હાઈવે પર રૂ.૧.૦૧ કરોડની એમ્બરગ્રીસ સાથે યુવક ઝડપાયો



અમદાવાદ,તા.૦૬

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે અમદાવાદ-ભાવનગર હાઈવે પર પીપળી ગામ નજીક આવેલી હોટલમાં દરોડો પાડીને રૂ.૧.૦૧ કરોડની કિંમતનું ૧. ૦૧ કિલો એમ્બરગ્રીસ (વ્હેલ માછલીની ઊલટી) જપ્ત કર્યું છે. આ મામલે પીપળી ગામના મેહુલ વિક્રમભાઈ ચૌહાણ નામના યુવકની અટકાયત કરવામાં આવી છે અને ધોલેરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. પૂછપરછ દરમિયાન ભાવનગરના વધુ બે શખ્સો, પવન કોળી અને પ્રવીણ ચૌહાણના નામ સામે આવ્યા છે. પવન કોળીએ મેહુલને આ જથ્થો સાચવવા આપ્યો હતો અને પ્રવીણે ગ્રાહક શોધ્યો હતો. ફોરેસ્ટ વિભાગ અને એફએસએલ (FSL) દ્વારા પ્રાથમિક તપાસમાં આ જથ્થો એમ્બરગ્રીસ હોવાની પુષ્ટિ થઈ છે. ઉલ્લેખનીય છે કે, એમ્બરગ્રીસનો ઉપયોગ ઉચ્ચ ગુણવત્તાના પરફ્યુમમાં સુગંધ લાંબા સમય સુધી ટકાવી રાખવા માટે ફિક્સેટિવ તરીકે થાય છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત કરોડોમાં હોય છે.

## સુરત શહેરમાં ૨૫ કારીગરોએ જગન્નાથજી માટે તૈયાર કર્યો અદભુત હાઈડ્રોલિક રથ



સુરત,તા.૦૬

અષાઢી બીજે સુરત ઈસ્કોન મંદિર દ્વારા યોજાનારી રથયાત્રામાં આ વર્ષે રૂ.૧૨ લાખના ખર્ચે લોખંડમાંથી બનેલો આધુનિક હાઈટેક રથ આકર્ષણનું કેન્દ્ર બનશે. ૨૫ કારીગરોએ તૈયાર કરેલો આ રથ હાઈડ્રોલિક મશીન અને પાવર સ્ટીયરિંગ ટેકનોલોજીથી સજ્જ છે. રથની ખાસિયત એ છે કે રૂટમાં વીજળીના તાર કે બ્રિજ જેવા અવરોધો આવતા જ તેની ઊંચાઈ આપમેળે વધ-ઘટ કરી શકાશે.

૧૬ જુલાઈએ બપોરે ૩ વાગ્યે રેલ્વે સ્ટેશનથી શરૂ થઈને આ યાત્રા રાત્રે ૯ વાગ્યે ઈસ્કોન મંદિરે સંપન્ન થશે.

## રાજકોટના પડધરીમાં વીજપોલ મુદ્દે ખેડૂતોનો વિરોધ, ટ્રેક્ટર રેલી સાથે ચાર ગણા વળતરની માગ




રાજકોટ,તા.૦૬

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકામાં વીજ ટ્રાન્સમિશન લાઈન માટે ઊભા કરાનારા વીજપોલના મુદ્દે ખેડૂતોનો વિરોધ ઉગ્ર બન્યો છે. ખજરૂડી અને ખોડાપીપર સહિત ચાર ગામોના ખેડૂતોને નોટિસ મળતાં તેમનામાં ભારે અસંતોષ ફેલાયો છે. જમીન સંપાદન અને અપૂરતા વળતર સામે રોષ વ્યક્ત કરવા ખેડૂતોએ મોટી સંખ્યામાં ટ્રેક્ટર રેલી યોજીને સરકાર અને તંત્ર સામે સૂત્રોચ્ચાર કર્યા હતા.

ખેડૂતોનો આક્ષેપ છે કે તેમની સંમતિ વિના જમીન પર કાર્યવાહી થઈ રહી છે, જે તેમની આજીવિકાને નુકસાન પહોંચાડશે. ખેડૂતોએ સ્પષ્ટ માગ કરી છે કે કાયદા અને બજારભાવ મુજબ જમીનનું ચાર ગણું વળતર આપવામાં આવે. ખેડૂત આગેવાનોએ ચેતવણી આપી છે કે જો સરકાર આ રજૂઆત ગંભીરતાથી નહીં લે અને યોગ્ય ન્યાય નહીં મળે, તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

## સૌરાષ્ટ્રમાં ભારે વરસાદથી ૫૮૯ ગામો વીજળીથી પ્રભાવિત, ૬૦ ગામોમાં પુનઃ શરૂ

**PGVCLની ટીમો અમરેલીમાં કેમ્પ કરી પુનઃ વીજ પુરવઠો શરૂ કરવાની કામગીરીમાં વ્યસ્ત**



રાજકોટ,તા.૦૬

સૌરાષ્ટ્રમાં છેલ્લા બે દિવસથી પડેલા ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. ખાસ કરીને જુનાગઢ, ગીર સોમનાથ, માંગરોળ, રાજુલા, ધારી, અમરેલી, ઉના અને ગીર ગઢડા વિસ્તારમાં વરસાદની સૌથી વધુ અસર જોવા મળી છે. કુલ ૫૮૯ ગામોમાં વીજળી બંધ થઈ હતી, જેમાંથી બપોરે ૧૧ વાગ્યા સુધીમાં ૫૨૯ ગામોમાં વીજ પુરવઠો ફરી શરૂ કરી દેવામાં આવ્યો છે. હાલમાં ૬૦ ગામોમાં વીજળી પુનઃ શરૂ કરવાની કામગીરી ચાલુ છે. PGVCLના મેનેજિંગ ડિરેક્ટર કેતન જોશીએ જણાવ્યું કે અમરેલી ખાતે કેમ્પ ઉભો કરી ૬૦ જેટલી ટીમો અને ટેકનિકલ સ્ટાફ સતત કામગીરી કરી રહ્યા છે. ભારે વરસાદના કારણે ૨૭ ટ્રાન્સફોર્મર અને ૩૪૪ ફીડરોને નુકસાન પહોંચ્યું છે. બાકી રહેલા ગામોમાં સાંજે અંદાજે ૪ વાગ્યા સુધી વીજ પુરવઠો પૂર્વવત કરવાનો પ્રયાસ ચાલી રહ્યો છે.

## અમદાવાદમાં ડમ્પરની ટક્કરે ત્રણ વર્ષના બાળકનું મોત, માતા ગંભીર



અમદાવાદ,તા.૦૬

અમદાવાદના હાથીજણ રિંગ રોડ પર એપોલો ટાયર્સ સામે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. નિકોલમાં રહેતા કામિની પ્રજાપતિ તેમના ત્રણ વર્ષના દીકરા સાત્વિક પ્રજાપતિ સાથે એક્ટિવા પર વસ્ત્રાલ તરફ જઈ રહ્યા હતા ત્યારે પૂરઝડપે આવી રહેલા ડમ્પરે તેમની એક્ટિવાને અડફેટે લીધી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે માતા અને દીકરો રોડ પર ફંગોળાયા હતા. અકસ્માતમાં સાત્વિકને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે કામિની પ્રજાપતિને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માત બાદ ડમ્પર ચાલક ફરાર થવાનો પ્રયાસ કરી રહ્યો હતો, પરંતુ સ્થાનિક લોકોએ તેને ઝડપી પાડ્યો હતો. બનાવની જાણ થતા જે ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્થળ પર પહોંચી હતી અને ડમ્પર ચાલકની અટકાયત કરીને અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## જૈશના ૮ આતંકીઓમાંથી ૩ને લઈને એટીએસની ટીમ તપાસ અર્થે પાલનપુરના ભાગળ ગામ પહોંચી



પાલનપુર,તા.૦૬

ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) પ્રતિબંધિત આતંકી સંગઠન 'જૈશ-એ-મોહમ્મદ'નું નેટવર્ક સક્રિય કરવાના કાવતરાનો પર્દાફાશ કરીને ૮ આતંકીઓની ધરપકડ કરી હતી. આ ઓપરેશન ગુજરાત અને મધ્યપ્રદેશમાં સંયુક્ત રીતે હાથ ધરાયું હતું. પકડાયેલા આતંકીઓમાંથી ત્રણ ઈસમો અહેમદ અબ્દુલ ગાઝીવાલા, ઈબ્રાહીમ મહમદ હુસેન ઘઘા અને મુદદસીર અબ્દુલ્લા ગાઝીવાલા બનાસકાંઠાના પાલનપુરના ભાગળ ગામના વતની છે. રિમાન્ડ દરમિયાન તપાસના ભાગરૂપે અને ઘટનાના રિકન્સ્ટ્રક્શન માટે એટીએસની ટીમ ચુસ્ત બંદોબસ્ત સાથે આ ત્રણેય આરોપીઓને લઈને ભાગળ ગામે પહોંચી હતી. ત્યાં તેમની હિલચાલ, સ્થાનિક સંપર્કો અને અન્ય આતંકી ગતિવિધિઓ અંગે ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી હતી.







